**સુવિચાર**

અહંકાર વિનાના જીવનમાં જે પ્રસન્નતા છે, જે શાંતિ છે તે લાખો આપતા પણ ન મળે.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૨/૦૭/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ જેઠ વદ-૧૧ વર્ષ : ૧૫ અંક : ૧૭૧





નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ફ્રી....ફ્રી.... (વિનામૂલ્ય) ઓપરેશન...
નીચે પ્રમાણેના રોગો માટે ફ્રી (વિનામૂલ્ય) ઓપરેશન સુવિધા....
અકસ્માત ઈજા - ફ્રેકચર - ટ્રોમા સિઝેરિયન - પ્રસુતિ ઓપરેશન
સારણગાંઠ - એપેન્ડીક્ષ - વધરાવળ હરસ - મસા - ફીશર
પથરી - પ્રોસ્ટેટ કીડનીના રોગો કીડનીના દર્દી માટે મફત ડાયાલીસીસ
લેપ્રોસ્કોપીક સર્જરી ( દૂરબીનથી ઓપરેશન)




નવજીવન
જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦


## છેલ્લા ૪ દિવસથી સતત મેઘાવી માહોલ હોવાથી ગરમીમાં ઘટાડો

# અમરેલી જિલ્લામાં હળવાથી લઈને પાંચ ઈંચ વરસાદ

વડિયા, લાઠી, લીલીયા, સાવરકુંડલા, બાબરા, ખાંભા, બગસરા સહિતનાં પંથકમાં વરસાદ

જિલ્લામાં અવિરત મેઘ કૃપાથી સમગ્ર પ્રકૃતિ પણ ખિલી હોય તેવું જોવા મળે છે

જિલ્લાની નદીઓ, ચેકડેમ અને જળાશયોમાં નવા નીરની ભરપૂર આવક

સોમવારે સવારનાં ૬ થી રાત્રિનાં ૮ વાગ્યા સુધીમાં ૧૮થી લઈને ૯૯ મી.મી. વરસાદ






અમરેલી, તા. ૧
અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાંક દિવસોથી મેઘાવી માહોલ જામેલ હોય. અમરેલી જિલ્લામાં છેલ્લા ૧૨ કલાક દરમિયાન અમરેલી, વડીયા, લાઠી, લીલીયા, સાવરકુંડલા, બાબરા, ખાંભા, બગસરા, જાફરાબાદ, રાજુલા સહિતના પંથકમાં હળવાથી લઈ ધોધમાર પાંચ ઈંચ વરસાદ પડયો હતો.

અમરેલી પંથકમાં ગઈકાલ સવારથી શરૂ થયેલ વરસાદ આજે ચોથા દિવસે મેઘાવી માહોલ જામતા અમરેલી શહેરમાં હળવાથી ભારે વરસાદી ઝાપટા પડતાં શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં ધીમીધારે વરસાદથી પાણી ભરાયાં હતા. જયારે અમરેલીના ઉપરવાસમાં વરસાદ પડતાં અમરેલી નજીક આવેલ ઠેબી ડેમમાં નવા નીરની આવક થવા પામેલ છે. જયારે અમરેલી તાલુકાના લાલાવદર, લીલીયાનું ગોઢાવદર, શેઢાડા, સલડી

અનુસંધાન પાના ૬ ઉપર

## વરસાદી માહોલમાં સર્પદંશની સમસ્યાઓ વધી

# વડિયાનાં હનુમાન ખીજડીયા ગામની સીમમાં સર્પદંશથી બાળકીનું મોત

સરકારી દવાખાને સારવાર દરમ્યાન બાળકીનું મોતને ભેટી

અમરેલી તા. ૧
અમરેલીનાં વડીયા તાલુકાના હનુમાન ખીજડીયા ગામની સીમ રહેતા નાનસીંગ મોહન્યા મોંગલની પ્રથમ પત્નિ જંગલીબેનને

અનુસંધાન પાના ૬ ઉપર

## ધારીના જસાધાર રેન્જનાં ધોકડવા બીટનાં

# ઉનાનાં ગાંગડા ગામે શિકારી અને શિકાર બંને કૂવામાં ખાબકયાં

સિંહણનો બચાવ અને ગાય મોતને ભેટી




અમરેલી તા. ૧
ગીર (પુર્વ) વન વિભાગ ધારી હેઠળની જસાધાર રેન્જનાં કાર્યક્ષેત્ર હેઠળની જસાધાર રાઉન્ડની ધોકડવા બીટનાં ઉના તાલુકાનાં ગાંગડા

અનુસંધાન પાના ૬ ઉપર

## જિલ્લા મેજીસ્ટ્રેટનાં વોરંટનાં આધારે

# બાબરાનાં ગજેન્દ્રભાઈ શેખવાની ‘‘પાસા’’ હેઠળ અટકાયત કરાઈ

પાલનપુર જેલ ખાતે મોકલી દેવાયા



અમરેલી, તા. ૧
અમરેલી એલ.સી.બી. પોલીસઈન્સ. એ.એમ. પટેલ દ્વારા ગુનાઓ આચરતા ઈસમ ગજેન્દ્રભાઈ ઉર્ફે બાબભાઈ ભુપતભાઈ શેખવા (રહે. બાબસ) વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ અધિક્ષક અમરેલી મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ અમરેલી તરફ મોકલી આપેલ હતી.

ભયજનક વ્યકિતની

અનુસંધાન પાના ૬ ઉપર

## જગતાત ગણાતા ખેડુતો સહિત સમગ્ર માનવજીવનમાં ખૂશીનો માહોલ

# બગસરા પંથકમાં પાંચ ઇંચ વરસાદથી ઠેર ઠેર પાણી ભરાયા અને વાહન વ્યવહારને પણ વ્યાપક અસર


હડાળા, માવજીંજવા, બાલાપુર, પીઠડીયા સહિતનાં ગામો દે ધનાધન




તસ્વીર : રસમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧
બગસરા તાલુકાના હડાળા માવજીજવા બાલાપુર પીઠડીયા નવા–જુના વાઘણીયા ખારી ખીજડીયા ચારણ પીપળી નાના મુંજીયાસર મોટા મુંજીયાસર રફાળા આદપુર સહિત સમગ્ર વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસાદી પાણી ખેતરોમાં ભરાયા ખેડૂતો દ્વારા વાવેતર કરેલ પાકને ફાયદાકારક સાબિત થશે હવામાન ખાતાએ આપેલ આગાહીના ભાગરૂપે પંથકમાં પણ સવારથી ધીમીધારે વરસાદ બાદ ધોધમાર વરસાદ પડયો બગસરાથી હડાળા શોડ પર ભારે વરસાદના કારણે વાહન વ્યવહારને પણ અવરજવરમાં પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા.


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,250/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૧/૦૭/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
9555811166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna DINING HALL

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/– થી ૧૮,૦૦૦/–
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/– થી ૩૦,૦૦૦/–
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨,સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

## શિવાજી ચોક વિસ્તારમાં કાળુભાર નદીનું પાણી ઘુસી જતાં વાહનો ખોટકાયા

# ઓહોહો : બાબરા પંથકમાં પાંચ ઈંચ વરસાદથી નદી ગાંડીતુર

**ચમારડી, ઘુઘરાળા, ખાખરીયા, મોટા દેવળીયા, ચરખા સહિતનાં ગામોમાં પણ દે ધનાધન**

**ભારે વરસાદથી નદી, નાળા અને ચેકડેમ પણ ઓવરફલો થયા**

**વાવણી બાદ સૌ પ્રથમ મેઘરાજા મન મુકીને વરસતા ખેડૂતો ખૂશ**

**ભારે વરસાદથી નિચાણવાળા વિસ્તારોમાં પાણી ઘુસી જતાં નુકસાનની પણ ફરિયાદ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧

બાબરામાં ચોમસાની સીઝનમાં સૌથી પહેલા સારો વરસાદ મધરાતે પડી જતા શહેર સહિત તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં પાણી પાણી થઈ ગયું હતું. બાબરામાં મોડી રાતથી વ્હેલી સવાર સુધીમાં ચાર ઈંચ જેટલો વરસાદ પડતાં શહેરની કાળુભાર નદીમાં ઘોડાપુર આવ્યું હતું. ધોધમાર વરસાદ પડતાં લોકો બહાર નીકળી ગયા હતા અને પુરનું પાણી ઘરમાં અને દુકાનમાં ન ઘૂસી જાય અને કોઈ નુકસાન ન થાય તે માટે અહીં નદી કાંઠે દુકાન ધરાવતા લોકો તેમજ રાહદારીઓ સલામત સ્થળે સર સામાન મુકવા લાગ્યા હતા. વરસાદના કારણે કાળુભાર નદીનું પાણી નદી કાંઠે રહેતા લોકોનાં ફળિયામાં તેમજ શિવાજી ચોક સુધી આવી ગયું હતું. જોકે અન્ય કોઈ નુકસાન નહિ માત્ર અહીં પાર્ક કરેલ ફોર વહીલમાં પાણી ઘૂસી જતા નુકસાન થયું હતું.

સારા વરસાદના કારણે બાબરામાં શ્રી નીલકંઠ મહાદેવના મંદિરે આવેલ પંચકુંડ પણ ભરાય જતા અહીં દર્શને આવતા શ્રધ્ધાળુમાં હરખ ની લાગણી પ્રસરી ગઈ હતી.

બીજી તરફ તાલુકામાં પણ તમામ ગામમાં સારો વરસાદ પડતાં ગામની સ્થાનિક નદીઓમાં ઘોડાપુર આવ્યું હતું. અહીં વાંડળીયા, ફુલજર, ખાખરીયા, દરેડ, ચમારડી, ઘૂઘરાળા, રાણપર, નડાળા, મોટા દેવળીયા સહિત તાલુકાના તમામ ગામડાઓમાં ચાર ઈંચથી વધુ વરસાદ પડતાં ખેડૂતોમાં ખુશીની લાગણી પ્રસરી ગઈ હતી. સોમવારે વ્હેલી સવાર બાદ દિવસ દરમિયાન પણ વરસાદનો માહોલ રહેતા એક થી દોઢ ઈંચ ફરી વરસાદ પડતાં દિવસ–રાતનો પાંચથી સાડા પાંચ ઈંચ વરસાદ પડી ગયો હતો અને કાળુભાર નદી સતત વહેતી રહી હતી.

**રાજય સરકારે નોટિફિકેશન બહાર પાડયુ હોય**

## દેવળીયા ગામને દેવભૂમિ દેવળીયા નામ આપવવા માટે રજૂઆત થઈ

**જાગૃત નાગરિકે કલેકટરને પત્ર પાઠવ્યો**

અમરેલી તા. ૧

અમરેલી જિલ્લાનું દેવળિયા ગામનો નામના ફેરફાર કરી દેવભૂમિ દેવળીયા ગામ કરવાની માંગણી સરકાર સામાન્ય વહિવટ વિભાગના ૧૫ માર્ચ–૨૦૨૪ના નોટીફીકેશન બાદ સરકાર દ્વારા તા. ૧૬/૫/૨૦૨૪ના ગેઝેટ પ્રસિધ્ધીથી દેવભૂમિ દેવળીયા કરવા લાગુ તમામ કચેરીઓને જાણ કરવામાં આવેલ છે. અમરેલી જિલ્લા તાલુકા અને સંબંધિ કચેરીઓનુ રેવન્યુ રેકર્ડ–આધારકાર્ડ ચૂંટણી કાર્ડ, ડ્રાયવિંગ લાયસન્સ–રાશન કાર્ડ વિગેરે કામગીરી કરનાર વિભાગને દેવળીયા નામથી સુધારો કરી દેવભૂમિ દેવળીયા કરવા સત્વરે સૂચના આપવા જાગૃત નાગરિક નાથાભાઈ સુપાડિયાએ કલેકટર સમક્ષ માંગ કરેલ છે.






**૫ ઈંચ વરસાદથી સમગ્ર પ્રકૃતિ સોળે કળાએ ખિલી ઉઠી**

## વડિયા પંથકમાં અવિરત મેઘસવારીથી સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું

**સુરવો ડેમમાં ૬ અને સાકરોળી ડેમમાં ૧૦ ફૂટ નવા નિરની આવક**



તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૧

હાલ સમગ્ર રાજયમાં વરસાદી માહોલ છવયો છે ત્યારે સૌરાષ્ટ્રમાં છેલ્લા બે દિવસથી મેઘરાજાનાં મંડાણ થયા છે. એમા પણ રવિવાર રાતથી અમરેલીના વડિયા વિસ્તારમાં મેઘરાજા મન મૂકીને વરસી રહ્યો છે. આમ સોમવારે સાંજે ૫ વાગ્યા સુધીમાં ૫ ઈંચ વરસાદ નોંધાયો છે. જયારે વરસાદ પહેલા વાવણી કરેલા કપાસિયા આગવના થોડા વરસાદથી ઉગ્યા બાદ વરસાદના અભાવે હતા. તે મુરજાતા પાકને જીવતદાન મળતા ચાતક નજરે રાહ જોતા જગતાતમાં હરખની હેલી જોવા મળી છે. તો બીજી વડિયા વિસ્તારના લોકોની જીવાદોરી સમાન ગણાતા સુરવો ડેમ પણ તળિયા ઝાટક હતો પણ તેમા ૬ ફૂટ! નવા નિરની આવક થઈ છે. તો વડિયાની ભાગોળે આવેલા સાંકરોળી ડેમમાં ૧૦ ફુટ નવા નિરની આવક થતા સમગ્ર પંથકમાં અવિરત મેંઘ સવારીથી લોકોમાં ખુશીનો માહોલ છવાયો છે અને લાપસીનાં આંધણ મુકાતા જોવા મળી રહ્યા છે.








ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઈન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

માત્ર ૨૦ જ મીનીટમાં...
ફકત ૯.૯૦%ના વાર્ષિક વ્યાજ દરે અને સરળ પ્રક્રિયા દ્વારા ગોલ્ડ લોન
A.P.C.C.S
ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો-ઓપ. સોસાયટી લી. - અમરેલી
'પીપલ્સ ભવન', ફ્રુટ માર્કેટ, પ્રથમ માળ, ઈન્દીરા શોપીંગ સેન્ટર, અમરેલી.
કોન્ટેક્ટ નંબર-૦૨૭૯૨-૨૨૦૨૬૪, ૯૪૦૮૫ ૬૨૨૬૪

જોઈએ છે:::
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
મિકેનીક...... ૩
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪









### રાહુલ ગાંધીએ સંસદના નીચલા ગૃહમાં ભગવાન શિવની તસવીર બતાવી

# જેઓ પોતાને હિંદુ કહે છે તેઓ દિવસ-રાત હિંસા કરે છે : રાહુલ

## જેઓ પોતાને હિંદુ કહે છે તેઓ ૨૪ કલાક હિંસા, હિંસા, હિંસા આચરે છે; ધિક્કાર, ધિક્કાર, ધિક્કાર; ખોટું, ખોટું, ખોટું: રાહુલના આ નિવેદન પર લોકસભામાં ભારે હોબાળો

નવી દિલ્હી, તા.૧

કોંગ્રેસ પાર્ટીના ભૂતપૂર્વ અધ્યક્ષ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ખૂબ જ વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. તેમના આવા નિવેદનથી કરોડો હિન્દુઓની ભાવનાઓને ઠેસ પહોંચી છે. તેમણે કહ્યું હતું કે, જેઓ પોતાને હિંદુ કહે છે તેઓ ૨૪ કલાક હિંસા, હિંસા, હિંસા આચરે છે; ધિક્કાર, ધિક્કાર, ધિક્કાર; ખોટું, ખોટું, ખોટું. રાહુલના આ નિવેદન પર લોકસભામાં ભારે હોબાળો થયો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખુદ ઉભા થઈને રાહુલ ગાંધીના આ નિવેદન સામે વાંધો ઉઠાવ્યો હતો. જોકે, તેના જવાબમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે તેમણે વડાપ્રધાન મોદી, ભાજપ અને RSSને નફરતપૂર્ણ અને હિંસક કહ્યા છે, સમગ્ર હિન્દુ સમાજને નહીં. રાહુલ ગાંધીના નિવેદન પર વાંધો વ્યક્ત કરતા વડાપ્રધાન મોદીએ એટલું જ કહ્યું હતું કે, 'આ મુદ્દો ખૂબ જ ગંભીર છે. સમગ્ર હિંદુ સમાજને હિંસક કહેવું ગંભીર બાબત છે. ત્યારે રાહુલ ગાંધીએ કહેવાનું શરૂ કર્યું હતું કે, 'નરેન્દ્ર મોદી આખો હિન્દુ સમાજ નથી. RSSએ સમગ્ર હિન્દુ સમાજ નથી.

હંગામા વચ્ચે ગૃહમંત્રી અમિત શાહ ઉભા થયા અને રાહુલ ગાંધી પાસે માફી માંગવાની માંગ કરી. તેમણે કહ્યું હતું કે, 'આટલી મોટી ઘટનાને અવાજ કરીને છુપાવી શકાય નહીં. વિપક્ષના નેતાએ કહ્યું હતું કે જેઓ પોતાને હિંદુ કહે છે તેઓ હિંસા કરે છે. હું ફરીથી પુનરાવર્તન કરું છું કે જેઓ પોતાને હિંદુ કહે છે તેઓ હિંસા વિશે વાત કરે છે. હિંસા કરો છો?' અમિત શાહે કહ્યું હતું કે, કદાચ તેમને ખબર નથી કે આ દેશમાં કરોડો લોકો ગર્વથી પોતાને હિંદુ કહે છે. શું એ બધા લોકો હિંસા વિશે વાત કરે છે? હિંસાની ભાવનાને કોઈપણ ધર્મ સાથે જોડવી યોગ્ય નથી. બંધારણીય પદ ધરાવતા રાહુલ ગાંધીને માફી માંગવા વિનંતી કરવામાં આવી છે. ઈસ્લામમાં અભય મુદ્રા અને ગુરુ નાનક પર SGPC પર વિદ્વાનો પાસેથી અભિપ્રાય લો. તેમને અભય વિશે વાત કરવાનો કોઈ અધિકાર નથી કે જેમણે ઈમરજન્સી દરમિયાન આખા દેશને ડરાવ્યો હતો. દિલ્હીમાં દિવસે દિવસે હજારો શીખ ભાઈઓની હત્યા કરવામાં આવી હતી. તેઓ અભય વિશે વાત કરી રહ્યા છે. વિપક્ષના નેતાએ પોતાના પહેલા ભાષણમાં જ ગૃહની સાથે સમગ્ર દેશની માફી માંગવી જોઈએ.

આ પહેલા વિપક્ષી પાર્ટીના નેતા રાહુલ ગાંધીએ લોકસભામાં ભગવાન શિવની તસવીર પ્રદર્શિત રોકવા પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાને વારંવાર પૂછ્યું કે શું આ ગૃહમાં ભગવાન શિવની તસવીર બતાવવાની મનાઈ છે? શું આ ઘરમાં ભગવાન શિવનું ચિત્ર ન દેખાડી શકાય? રાહુલ ગાંધી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના સંબોધન પર આભાર પ્રસ્તાવ પર ચર્ચામાં જોડાયા અને ભગવાન શિવની તસવીર બતાવીને પોતાની વાતની શરૂઆત કરી. તેના પર સ્પીકર ઓમ બિરલાએ તેમને ગૃહના નિયમોનો ઉલ્લેખ કર્યો.

રાહુલ ગાંધીએ લોકસભા સ્પીકરને કહ્યું હતું કે, આજે મારા ભાષણમાં હું ભાજપ અને RSSને કહેવા માંગુ છું કે તે અમારા વિચાર વિશે છે જેનો સમગ્ર વિપક્ષ દ્વારા ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ વિચાર ક્યાંથી આવે છે, તે આપણને કેવી રીતે શક્તિ આપે છે? તે આપણને ડર્યા વિના આગળ વધવાની શક્તિ આપે છે. આટલું કહીને તેમણે ભગવાન શિવની તસ્વીર પોતાના હાથમાં ઉપાડી લીધી અને લોકસભાના અધ્યક્ષ દ્વારા અટકાવવામાં આવતાં કહ્યું હતું કે, 'શું અહીં ભગવાન શિવની તસવીર બતાવવાની મનાઈ છે? આ ચિત્ર સમગ્ર ભારતના હૃદયમાં છે. દરેક વ્યક્તિ આ છબી જાણે છે.રાહુલ ગાંધીએ આગળ કહ્યું હતું કે, 'જ્યારે ભગવાન શિવ સાપને ગળામાં લપેટી લે છે, ત્યારે તેઓ કહે છે કે તેઓ વાસ્તવિકતા સ્વીકારે છે. તેમના ડાબા હાથ પર ત્રિશૂળ છે. ત્રિશુલ હિંસાનું પ્રતિક નથી પરંતુ તે અહિંસાનું પ્રતિક છે. જો તે હિંસાનું પ્રતીક હોત તો તે જમણા હાથમાં હોત.

રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પણ સીધો હુમલો કર્યો હતો. તેમણે કહ્યું કે હું બાયોલોજિકલ છું. પરંતુ વડાપ્રધાન બાયોલોજિકલ નથી. રાહુલ ગાંધી જ્યારે પોતાની સ્પીચ આપી રહ્યાં હતા, ત્યારે સ્પીકરે તમને કોઈ વાત પર તેમને ટોક્યાં હતા. તેની પર રાહુલ ગાંધીએ કહ્યું કે કોંગ્રેસ પાર્ટીએ શિવજીનો ફોટો બતાવ્યો અને તમે ગુસ્સે થઈ ગયા.

રાહુલ ગાંધીએ તેમના ભાષણમાં કહ્યું કે હિન્દુસ્તાનીએ ક્યારેય કોઈની પણ ઉપર હુમલો કર્યો નથી. એનું કારણ એ છે કે હિન્દુસ્તાન અહિંસાનો દેશ છે. તે ડરતો નથી, આપણા મહાપુરુષોએ એવો સંદેશ આપ્યો- ડરો મત, ડરાઓ મત. શિવજી કહે છે- ડરો મત, ડરાઓ મત અને પછી ત્રિશૂલને જમીનમાં નાંખી દે છે. બીજી તરફ જે લોકો તમને હિન્દુ કહે છે, તેઓ ૨૪ કલાક હિંસા-હિંસા-હિંસા અને નફરત-નફરત-નફરત કરે છે. તમે હિન્દુ છો જ નહીં. હિન્દુ ધર્મમાં સ્પષ્ટ લખ્યું છે, સત્યનો સાથ આપવો જોઈએ.

પ્રથમ સપ્તાહમાં પણ વિપક્ષે નીટ પેપર લીક વિવાદ અંગે સરકારની ટીકા કરી હતી. વિપક્ષ હજુ પણ આ મુદ્દાઓ પર ચર્ચા કરાવવા માગે છે. આજે સત્રની શરૂઆત રાષ્ટ્રપતિના ભાષણ અંગે આભાર પ્રસ્તાવ પર ચર્ચાથી થઈ હતી. ભાજપના હમીરપુરના સાંસદ અનુરાગ ઠાકુરે આ ચર્ચાની શરૂઆત કરી હતી. ભાજપના સ્વર્ગસ્થ નેતા સુષ્મા સ્વરાજની પુત્રી અને પ્રથમ વખત સાંસદ બનેલા બાંસુરી સ્વરાજે પણ આ ચર્ચામાં ભાગ લીધો હતો. લોકસભામાં આ ચર્ચા માટે ૧૬ કલાક ફાળવવામાં આવ્યા છે. જે મંગળવારે વડાપ્રધાન મોદીના જવાબ સાથે સમાપ્ત થશે. જ્યારે રાજ્યસભામાં ચર્ચા માટે ૨૧ કલાક ફાળવવામાં આવ્યા છે. જેમાં વડાપ્રધાન બુધવારે સામેલ થઈ શકે છે.

૧૮મી લોકસભાના પ્રથમ સત્રના બીજા સપ્તાહમાં પણ ભાજપ નેતૃત્ત્વવાળી એનડીએ સરકાર અને વિપક્ષની વચ્ચે હોબાળો થવાની શક્યતા છે. આજથી સંસદની કાર્યવાહી ફરી શરૂ થવા જઈ રહી છે. એ પહેલા જ સરકારની મુશ્કેલી વધારતાં વિપક્ષે સંસદની બહાર NEET પર એક દિવસ ચર્ચાની માગ સાથે દેખાવો કર્યા હતા. ઉલ્લેખનીય છે કે સંસદમાં નીટ પેપર લીક વિવાદ, અગ્નિપથ યોજના, બેકારી અને મોંઘવારી જેવા મુદ્દાઓ પર ઉગ્ર ચર્ચા થવાની સંભાવના છે.

---

### રાહુલ ગાંધીએ લોકસભામાં મોદીને આપી ચેલેન્જ

# ઈંડિયા ગઠબંધન ગુજરાતમાં ભાજપને હરાવી દેશેઃ રાહુલ

## ગુજરાતમાં ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝવાળાઓએ મને જણાવ્યું કે, અરબપતિઓનો રસ્તો સાફ કરવા જીએસટી લાવવામા આવ્યો

નવી દિલ્હી, તા.૧

૧ જૂલાઈએ સંસદ સત્ર દરમ્યાન લોકસભામાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ પ્રધાનમંત્રી મોદીને ઓપન ચેલેન્જ આપતા કહ્યું કે, ઈંડિયા ગઠબંધન ગુજરાતમાં ભાજપને હરાવી દેશે. તેમણે કહ્યુ કે, ભાજપના લોકોને ડરાવવા-ધમકાવવાની રાજનીતિ કરે છે. પણ દેશની જનતા હવે ભાજપથી ડરવાની નથી.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવ પર ચર્ચા થઈ. ભોજનાવકાશ બાદ રાયબરેલીથી કોંગ્રેસી સાંસદ રાહુલ ગાંધી જ્યારે સદનમાં બોલવા માટે ઊભા થયા તો કેટલાય મુદ્દા પર ખૂબ જ પ્રહારો કર્યા. રાહુલ ગાંધીએ ધન્યવાદ પ્રસ્તાવની આડમાં કેટલાય મુદ્દા પર સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો. તેમણે કહ્યું કે, ભારતીય જનતા પાર્ટી લોકોને ડરાવવાનું કામ કરે છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, અયોધ્યામાં ભાજપની આ નીતિને કારણે હારી. કારણ કે ત્યાંની જનતાને ડરાવાનું ધમકાવવાનું કામ કર્યું. તેમણે કહ્યું કે, દેશની જનતા હવે ભાજપની રાજનીતિને સારી રીતે સમજી ચુકી છે. કોંગ્રેસ નેતાએ સદનમાં કહ્યું કે, ઈંડિયા ગઠબંધન ગુજરાતમાં ભાજપને હરાવી દેશે.રાહુલ ગાંધીએ કહ્યું કે, અયોધ્યામાં એરપોર્ટ બન્યું તો, ત્યાંના લોકોની જમીન છીનવી લીધી. પણ કોઈને પણ આજસુધી વળતર નથી મળ્યું. અયોધ્યામાં ગરીબ લોકોના નાના નાના ઘર તોડીને જનતાને બેઘર કરી દીધી. એટલું જ નહીં જ્યારે રામ મંદિર ઉદ્ઘાટન થયું તો, દેશના તમામ અમીરોને ત્યાં બોલાવ્યા, પણ અયોધ્યાની જનતાને ડરાવીને ધમકાવીને આ કાર્યક્રમથી દૂર રાખ્યા હતા. રાહુલ ગાંધીએ કહ્યું કે, ભાજપ ફક્ત ડર ઊભો કરવાનું કામ કરે છે. ખેડૂતોમાં, મજૂરોમાં, અગ્નિવીરોમાં, મણિપુરી લોકોમાં ત્યાં સુધી કે ખુદ ભાજપના અંદરખાને ડર ફેલાયેલો છે. તેમણે કહ્યું કે, ભાજપના નેતા ખુલીને બોલી પણ શકતા નથી.

રાહુલ ગાંધીએ પોતાના સંબોધનમાં કહ્યું કે, ઈન્કમ ટેક્સ, ઈડી, મીડિયમ અને સ્મોલ સ્કેલ બિઝનેસ આજે નાબૂદ થઈ રહ્યાં છે. જેનાથી અરબપતિઓનો રસ્તો સાફ થઈ રહ્યો છે. હું ગુજરાતમાં ગયો હતો, ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝવાળાઓએ જણાવ્યું કે, અરબપતિઓનો રસ્તો સાફ કરવા માટે જીએસટી લાવવામા આવ્યો છે. ત્યારે વચ્ચે સંસદમાં કોઈએ કહ્યું કે, શું તમે ગુજરાત પણ જાઓ છો. ત્યારે રાહુલ ગાંધીએ જવાબમાં કહ્યું કે, હું જતો હોઉ છું. આ વખતે ગુજરાતમાં તમને હરાવીશ. લખીને લઈ લો, આ વખતે અમે તમને ગુજરાતમાં હરાવીશું. આ વખતે ઈન્ડિયા ગઠબંધન ચૂંટણીમાં તમને ગુજરાતમા હરાવશે.

---

### ૩થી ૪ દિવસ દરમિયાન ભારેથી અતિભારે વરસાદ

# ગુજરાતથી હિમાચલ સુધી ભારે વરસાદની શક્યતા

## ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા આગાહી કરાઈ

નવી દિલ્હી, તા.૧

દેશના કેટલાક વિસ્તારોમાં વરસાદની શરુઆત થઈ ગઈ છે. જોકે કેટલાક વિસ્તારોમાં હજુ પણ ગરમી પડી રહ્યી છે. ઉત્તર-પશ્ચિમ ભારતના કેટલાક વિસ્તારોમાં આગામી દિવસોમાં ગરમીમાંથી રાહત મળી શકે છે કારણ કે આ વિસ્તારોમાં વરસાદની સંભાવના રહેલી છે. ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન ઉત્તર પશ્ચિમ, પૂર્વ અને ઉત્તરપૂર્વ ભારતમાં ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા છે.

નોંધનીય છે કે, દક્ષિણ-પશ્ચિમ ચોમાસું પશ્ચિમ રાજસ્થાન અને હરિયાણાના, ઉત્તર પ્રદેશ, પંજાબના કેટલાક વિસ્તારો અને હિમાચલ પ્રદેશ અને જમ્મુના બાકીના વિસ્તારોમાં આગળ વધ્યું છે. આગામી ૨૪ કલાક દરમિયાન દક્ષિણ ગુજરાત, કોસ્ટલ કર્ણાટક, કોંકણ અને ગોવા, અરુણાચલ પ્રદેશ, ઉત્તરપૂર્વ રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને ઉત્તર મધ્ય પ્રદેશમાં મધ્યમથી ભારે વરસાદની શક્યતા છે.તમને જણાવી દઈએ કે, દક્ષિણ-પશ્ચિમ ચોમાસું પશ્ચિમ રાજસ્થાન અને હરિયાણા, ઉત્તર પ્રદેશ, પંજાબ અને હિમાચલ પ્રદેશ અને જમ્મુના બાકીના વિસ્તારોમાં આગળ વધી ગયું છે. IMD અનુસાર, આગામી ૨-૩ દિવસ દરમિયાન પશ્ચિમ રાજસ્થાન, હરિયાણા-ચંદીગઢ અને પંજાબના કેટલાક વિસ્તારોમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું આગળ વધવા માટે સ્થિતિ અનુકૂળ છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૩ અને ૪ જુલાઈએ પંજાબના અલગ-અલગ સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે. ૨ થી ૩ જુલાઈ દરમિયાન દિલ્હીમાં, ૪ જુલાઈના રોજ હરિયાણા-ચંદીગઢ, ૩ અને ૪ જુલાઈના રોજ હિમાચલ પ્રદેશમાં, પૂર્વ રાજસ્થાનમાં ૨ જુલાઈથી ૪ જુલાઈ સુધી ભારે વરસાદની શક્યતા છે. ૨ જુલાઈ સુધી હિમાચલ પ્રદેશના વિવિધ સ્થળોએ ભારે વરસાદની શક્યતા છે. તેમજ ૨ થી ૪ જુલાઈ દરમિયાન ઉત્તરાખંડ, ૨થી ૩ જુલાઈ દરમિયાન પંજાબ અને હરિયાણા-ચંદીગઢ, ૨થી ૪ જુલાઈ દરમિયાન ઉત્તર પ્રદેશમાં વરસાદની શક્યતા છે.

દેશની રાજધાની દિલ્હીના હવામાનની વાત કરીએ તો, અહીં ગરમીથી રાહત મળી છે પરંતુ બફારો યથાવત છે. છેલ્લા કેટલાક દિવસોમાં પડેલા વરસાદે રાહત તો આપી છે પરંતુ ભેજમાં વધારો કર્યો છે. હવામાન વિભાગે દિલ્હીમાં 'ઓરેન્જ એલર્ટ' જાહેર કર્યું છે અને ૨ જુલાઈ સુધી ભારે વરસાદની આગાહી કરી છે. IMD એ સોમવાર અને મંગળવારે રાજધાનીમાં વાદળછાયા વાતાવરણ અને ભારે વરસાદની આગાહી કરી છે. વિભાગે એમ પણ કહ્યું કે, દિલ્હી અને તેની આસપાસના રાજ્યોમાં કેટલાક સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે. સ્કાયમેટ વેધર અનુસાર, આગામી ૨૪ કલાક દરમિયાન દક્ષિણ ગુજરાત, કોસ્ટલ કર્ણાટક, કોંકણ અને ગોવા, અરુણાચલ પ્રદેશ, ઉત્તરપૂર્વ રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને ઉત્તર મધ્ય પ્રદેશમાં મધ્યમથી ભારે વરસાદની શક્યતા છે. દિલ્હી, બિહાર, સિક્કિમ, આસામ, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, તેલંગાણા, આંતરિક કર્ણાટક, કેરળ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં કેટલાક સ્થળોએ ભારે વરસાદ સાથે હળવાથી મધ્યમ વરસાદ થઈ શકે છે. ઝારખંડ, ગંગા પશ્ચિમ બંગાળ, પૂર્વોત્તર ભારત, મધ્ય મહારાષ્ટ્ર, ગુજરાત, હરિયાણા અને પંજાબમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. લદાખ, રાયલસીમા અને તમિલનાડુમાં હળવો વરસાદ થઈ શકે છે.

---

### નવા કાયદા અંગે અમિત શાહનું નિવેદન

# ન્યાય પ્રણાલીનું સાચા અર્થમાં ભારતીયકરણ થયું

## નવા કાયદામાં છ કલમો રદ કરાઈ અને બે નવા વિભાગ ઉમેરાયા : પીડિત-ફરિયાદીના અધિકારોનું રક્ષણ કરાશે

નવી દિલ્હી, તા.૧

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે આજે સંસદ ભવન સંકુલમાં મીડિયાને સંબોધતા દેશમાં આજથી લાગુ થયેલા નવા ફોજદારી કાયદા પર વાત કરી હતી. તેમણે કહ્યું કે આઝાદીના ૭૭ વર્ષ બાદ હવે ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ સંપૂર્ણપણે સ્વદેશી બની ગઈ છે. જ્યારે આજથી દરેક પોલીસ સ્ટેશનમાં આ કાયદાઓ કામ કરવાનું શરૂ કરશે, ત્યારે અંગ્રેજોએ બનાવેલા કાયદાઓ રદ્દ થશે અને ભારતની સંસદમાં બનેલા કાયદા અમલમાં આવશે. ગૃહમંત્રીએ કહ્યું કે છ કલમો રદ કરવામાં આવી છે અને બે નવા વિભાગ ઉમેરવામાં આવ્યા છે. તેમણે આ નવા કાયદાને નવો અભિગમ ગણાવ્યો હતો. અમિત શાહે કહ્યું કે ન્યાય પ્રણાલીનું સાચા અર્થમાં ભારતીયકરણ થયું છે. ગૃહમંત્રીએ કહ્યું કે નવી ક્રિમિનલ સિસ્ટમમાં હવે સજાનું સ્થાન ન્યાય લેશે. તેમણે કહ્યું હતું કે, ''વિલંબને બદલે, ઝડપી ટ્રાયલ અને ઝડપી ન્યાય થશે અને પહેલા માત્ર પોલીસના અધિકારોનું જ રક્ષણ કરવામાં આવતું હતું, હવે પીડિત અને ફરિયાદીના અધિકારોનું રક્ષણ કરવામાં આવશે. આ નવા અભિગમ સાથે આ ત્રણ કાયદા બનાવવામાં આવ્યા છે.

અમિત શાહે કહ્યું કે રાજદ્રોહને બદલે દેશદ્રોહ થયો છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, ''રાજદ્રોહ એક કાયદો હતો જે અંગ્રેજોએ તેમના શાસનને બચાવવા માટે બનાવ્યો હતો. મહાત્મા ગાંધી, તિલક મહારાજ, સરદાર પટેલ આ બધાએ આ કાયદા હેઠળ છ વર્ષની જેલની સજા ભોગવી હતી. તેમણે કહ્યું, ''નવા અભિગમ સાથે, આ ત્રણ કાયદા મધ્યરાત્રિથી અમલમાં આવ્યા છે. હવે ભારતીય દંડ સંહિતાનું સ્થાન ભારતીય ન્યાય સંહિતા દ્વારા લેવામાં આવ્યું છે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ફોજદારી કાર્યવાહી સંહિતા દ્વારા બદલવામાં આવી છે અને ભારતીય દંડ સંહિતા એવિડન્સ એક્ટને ઈન્ડિયન એવિડન્સ એક્ટ દ્વારા બદલવામાં આવ્યો છે.''અમિત શાહે નવા કાયદાને લઈને વિપક્ષ પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે કેટલાક વિપક્ષી મિત્રો મીડિયા સમક્ષ અલગ-અલગ વાતો મૂકી રહ્યા છે કે હજુ ટ્રેનિંગ થઈ નથી, ચર્ચા થઈ નથી. શાહે કહ્યું, ''લોકસભામાં નવ કલાક અને ૩૪ મિનિટ સુધી ચર્ચા થઈ, ૩૪ સભ્યોએ ભાગ લીધો. રાજ્યસભામાં સાત કલાક અને ૧૦ મિનિટ સુધી ચર્ચા થઈ અને ૪૦ સભ્યોએ ભાગ લીધો.''

અમિત શાહે વધુમાં કહ્યું કે, ભારતની આઝાદી પછી કોઈ કાયદો પસાર કરવા માટે આટલી લાંબી ચર્ચા પ્રક્રિયા થઈ નથી. તેમણે કહ્યું કે, ''આ કાયદા પર ચાર વર્ષ માટે વિચારણા કરવામાં આવી હતી અને જો તમારે હજુ પણ કંઈક કહેવું હોય તો તમારે આવવું જ જોઈએ, હું સાંભળવા તૈયાર છું. પરંતુ મહેરબાની કરીને આ કાયદાને જનતાની સેવા કરવાનો મોકો આપો.

અમિત શાહે કહ્યું કે સાક્ષીઓની સુરક્ષા માટે જોગવાઈ કરવામાં આવી છે. નવા ફોજદારી કાયદામાં મોબ લિંચિંગ સામે પણ જોગવાઈ છે. હવે મહિલાઓ વિરુદ્ધના ગુનાઓ માટે કડક સજા થશે. શાહે કહ્યું કે નવા કાયદામાં ઘણી એવી જોગવાઈઓ છે જે બ્રિટિશ યુગથી વિવાદમાં છે. નવી જોગવાઈઓમાં આ ફેરફાર કરવામાં આવ્યા છે. જોગવાઈઓ હેઠળ પ્રાથમિકતા નક્કી કરવામાં આવી છે. સર્ચ અને દરોડાની વીડિયોગ્રાફી પણ કરવામાં આવશે.

---

### નર્મદા ડેમ ૫૧ ટકાથી વધુ ભરાયો

# છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૪૮ તાલુકાઓમાં મેઘમહેર

## મહુવા તાલુકામાં ૬.૮ ઇંચ વરસાદ થયો : જળાશયોમાં કુલ સંગ્રહ શકિતના ૨૯.૬૦ ટકા પાણી સંગ્રહ થયું

અમદાવાદ, તા.૧

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૪૮ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. જેમાં સુરત જિલ્લાના પલસાણા તાલુકા અને જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકામાં સૌથી વધુ ૮ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. ઉપરવાસમાં વરસાદના થવાથી ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ-જળાશયમાં અત્યાર સુધીમાં કુલ સંગ્રહ શકિતના ૫૧.૫૮ ટકા પાણીનો સંગ્રહ થયો છે. જ્યારે સુરેન્દ્રનગર જિલ્લાના ચૂડા તાલુકામાં આવેલું વંસલ જળાશય ૧૦૦ ટકા છલકાતાં હાઈએલર્ટ તેમજ ધોળી ધજા ડેમ ૮૮ ટકાથી વધુ ભરાતાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલ માહિતી મુજબ છેલ્લા ચોવીસ કલાક દરમિયાન સુરત જિલ્લાના મહુવા તાલુકામાં ૧૭૧ મિ.મી એટલે કે ૬.૮ ઈંચ, ઓલપાડ તાલુકા ૧૪૪ મિવમી એટલે કે ૫.૭૬ ઈંચ, કામરેજ તાલુકામાં ૧૪૩ મિ.મી એટલે કે ૫.૭૨, સુરત સિટીમાં ૧૩૮ મિ.મી એટલે કે ૫.૫૨ ઈંચ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા ખાતે ૧૫૦ મિ.મી એટલે કે ૬ ઈંચ વરસાદ નોંધાયો હતો.વલસાડના વાપી તાલુકામાં ૧૨૯ મિ.મી એટલે કે ૫.૧૬ ઈંચ, કપરાડા તાલુકામાં ૧૧૩ મિ.મી એટલે કે ૪.૫૨ ઈંચ વરસાદ નોંધાયો હતો

ભરૂચના જિલ્લાના ભરૂચ તાલુકામાં ૧૦૯ મિ.મી એટલે કે ૪.૩૬ ઈંચ, જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ તાલુકામાં ૧૦૬ મિ.મી એટલે કે ૪.૨૪ ઈંચ, જૂનાગઢ સિટીમાં ૧૦૬ મિમી એટલે કે ૪.૨૪ ઈંચ, વિસાવદર તાલુકામાં ૧૦૩ મિમી એટલે કે ૪.૧૨ ઈંચ વરસાદ નોધાયો હતો.આ ઉપરાંત નવસારી જિલ્લાના ખેરગામ, નવસારી, ગણદેવી, ચિખલી તેમજ મોરબી, રાણાવાવ, વાલોદ, કુકાવાવ વાડિયામાં અંદાજિત ૩ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. જ્યારે ઉમરપાડા, ધોરાજી, અમદાવાદ સીટી, કેશોદ, વાગરા, ડોલવન, ધનસુરા, ભુજ, સાણંદ, સોનગઢ, ગઢડા, કડી, ખંભાળીયા, કલ્યાણપુર, માંડલ, ઈડર, માંડવી (કચ્છ), ગાંધીનગર અને વાંસદા તાલુકામાં અંદાજિત ૨ ઈંચ વરસાદ થયો છે.રાજ્યના કુલ ૨૦૬માંથી એક જળાશય સંપૂર્ણ છાલકાયુ છે. જ્યારે ચાર જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા,૧૧ જળાશયો ૫૦ થી ૭૦ ટકા તેમજ ૩૩ જળાશયો ૨૫ થી ૫૦ ટકા સુધી ભરાયા છે એટલે કે રાજ્યના જળાશયોમાં કુલ સંગ્રહ શકિતના ૨૯.૬૦ ટકા પાણી સંગ્રહ થયું છે.ઉત્તર ગુજરાતના કુલ ૧૫ જળાશયોમાં ૨૫.૨૧ ટકા, મધ્ય ગુજરાતના ૧૭માં ૪૨ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩માં ૩૨ ટકા, કચ્છના ૨૦માં ૨૧ ટકા, જ્યારે સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૧૫ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો છે. રાજ્યના સરદાર સરોવર જળાશયમાં હાલમાં ૧૦,૮૨૨ ક્યુસેક, ઉકાઈમાં ૬,૨૯૩, ઉબેણમાં ૫,૯૧૬,મોજમાં ૩,૯૫૨ તેમજ બાટવા -ખારો જળાશયમાં ૩,૮૫૯ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે.

---

### IAS સુજાતા સૌનિકને અપાઈ જવાબદારી

# મહારાષ્ટ્રમાં પહેલીવાર મુખ્ય સચિવ તરીકે મહિલાની નિમણૂક

## આ પદ સંભાળનાર પ્રથમ મહિલા અધિકારી બન્યા સુજાતા સૌનિક

મુંબઈ, તા.૧

IAS સુજાતા સૌનિકની મહારાષ્ટ્રના મુખ્ય સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ નિમણૂક સાથે તેઓ રાજ્યમાં આ પદ સંભાળનાર પ્રથમ મહિલા અધિકારી બન્યા છે. રાજ્યની એકનાથ શિંદે સરકારે તેમની નિમણૂક કરી છે. સુજાતા સૌનિક ૧૯૮૭ બેચના IAS અધિકારી છે.

તેમના પતિ મનોજ સૌનિક પણ રાજ્યના મુખ્ય સચિવ રહી ચૂક્યા છે. સુજાતા સૌનિક અગાઉ રાજ્યના એડિશનલ ચીફ સેક્રેટરી પદે કમાન સંભાળી ચૂક્યા છે. જે બાદ હવે તેમને મુખ્ય સચિવ (ચીફ સેક્રેટરી) પદ સંભાળવાની તક મળી છે. સુજાતા સૌનિકનો મુખ્ય સચિવ તરીકેનો કાર્યકાળ એક વર્ષનો રહેશે અને તેઓ જૂન ૨૦૨૫માં નિવૃત્ત થશે. તેમણે રવિવારે મુખ્ય સચિવ નીતિન કરીર પાસેથી ચાર્જ સંભાળ્યો હતો.

સુજાતા સૌનિક રાજ્યના વરિષ્ઠ IAS અધિકારી છે અને નિવૃત્ત IAS અધિકારી મનોજ સૌનિકની પત્ની છે. આ પહેલા મનોજ સૌનિક રાજ્યના મુખ્ય સચિવ પદે કામ કરી ચૂક્યા છે. સુજાતા સૌનિકની નિમણૂક સાથે પ્રથમ વખત કોઈ પતિ-પત્ની એક જ રાજ્યના મુખ્ય સચિવ બનશે.

મહારાષ્ટ્રની એકનાથ શિંદે સરકાર દ્વારા નિતિન કરીરનો કાર્યકાળ ત્રણ મહિના લંબાવવામાં આવ્યો હતો. તે વધારાનો સમયગાળો પણ પૂરો થઈ ગયા બાદ હવે આ પદ પર સુજાતા સૌનિકની નિમણૂક કરવામાં આવી છે. નીતિન કરીરનો કાર્યકાળ ફરી એકવાર લંબાવવામાં આવશે તેવી ચર્ચા હતી પરંતુ રાજ્ય સરકારે સુજાતા સૌનિકની નિમણૂક કરવા નિર્ણય લીધો છે. ૧૯૮૭ બેચના એડિશનલ ચીફ સેક્રેટરી સુજાતા સૌનિક, એડિશનલ ચીફ સેક્રેટરી મહેસૂલ રાજેશ કુમાર (૧૯૮૮) અને મુખ્યમંત્રીના એડિશનલ ચીફ સેક્રેટરી ઈકબાલ સિંહ ચહલ (૧૯૮૯)ને મુખ્ય સચિવ પદ માટે દાવેદાર ગણવામાં આવ્યા હતા. તેમાં સુજાતા સૌનિકના નામની મહોર લાગી હતી.

સુજાતા સૌનિકે ચંદીગઢમાં શાળા અને કોલેજનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ પંજાબ યુનિવર્સિટીમાંથી ઈતિહાસમાં માસ્ટર ડિગ્રી મેળવી છે. તેમણે એડિશનલ ચીફ સેક્રેટરી, કૌશલ્ય વિકાસ વિભાગ, ગૃહ મંત્રાલય અને ભારત સરકારના સલાહકાર સંયુક્ત સચિવનું મહત્વપૂર્ણ પદ પણ સંભાળ્યું છે. તેઓ છેલ્લા ત્રણ દાયકાથી વહીવટી સેવામાં કાર્યરત છે.

---

### વડાપ્રધાન મોદીની રાહુલ ગાંધીને ફટકાર

# સમગ્ર હિન્દુ સમાજને હિંસક ન કહેવાય : વડાપ્રધાન મોદી

## રાહુલના નિવેદન પર વાંધો વ્યક્ત કરતા મોદીએ કહ્યું કે, સમગ્ર હિન્દુ સમુદાયને હિંસક કહેવો ખૂબ ગંભીર બાબત છે

નવી દિલ્હી, તા.૧

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આજે ભગવાન શિવની તસવીર બતાવીને હિન્દુ ધર્મને લઈને વિવાદાસ્પદ ટિપ્પણી કરી છે. આવા નિવેદનથી કરોડો હિન્દુઓની ભાવનાઓને ઠેસ પહોંચે છે. જે પછી લોકસભામાં ભારે હોબાળો થઈ ગયો હતો. રાહુલ ગાંધીએ શાસક પક્ષને કહ્યું કે, ''જેઓ પોતાને હિન્દુ કહે છે તેઓ ૨૪ કલાક હિંસા, હિંસા, હિંસા; નફરત, નફરત, નફરત; અસત્ય, અસત્ય, અસત્ય કરે છે. તેઓ હિન્દુ છે જ નહીં. જેઓ પોતાને હિન્દુ કહે છે, તેઓ દિવસ-રાત હિંસા કરે છે'' ત્યારબાદ સ્વયં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખુરશી પરથી ઊભા થઈને રાહુલ ગાંધીના આ નિવેદન સામે વાંધો ઉઠાવ્યો હતો. પીએમ મોદી અને અમિત શાહે રાહુલ ગાંધીને ઠપકો આપ્યો અને માફી માંગવા કહ્યું હતું.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, ''આપણા તમામ મહાપુરુષોએ અહિંસા અને ડર દૂર કરવાની વાત કરી છે પરંતુ, જેઓ પોતાને હિંદુ કહે છે તેઓ માત્ર હિંસા, નફરત, અસત્યની જ વાત કરે છેપ તમે હિન્દુ છો જ નહીં''બાદમાં લોકસભામાં હોબાળો થતાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, તેમણે પીએમ મોદી, ભાજપ અને RSSને નફરતપૂર્ણ અને હિંસક કહ્યા છે,

સમગ્ર હિન્દુ સમાજને નહીં. રાહુલના નિવેદન પર વાંધો વ્યક્ત કરતા વડાપ્રધાન મોદીએ એટલું જ કહ્યું હતું કે, 'સમગ્ર હિન્દુ સમુદાયને હિંસક કહેવો ખૂબ જ ગંભીર બાબત છે. લોકશાહી અને બંધારણે મને શીખવ્યું છે કે મારે વિપક્ષના નેતાને ગંભીરતાથી લેવા જોઈએ.' ત્યારે રાહુલ ગાંધીએ કહેવાનું શરૂ કર્યું કે, 'નરેન્દ્ર મોદી આખો હિન્દુ સમાજ નથી. ઈજીજી એ સમગ્ર હિન્દુ સમાજ નથી.'

---

# ગુનેગારો હવે સાવધાન : દરેક ગુનાની વિગતો થશે સાર્વજનિક

ગાંધીનગર, તા.૧

દેશમાં કાનૂની પ્રક્રિયા સરળ અને ઝડપી બનાવવા માટે આવી ગયા છે ત્રણ નવા કાયદા, ચલો જાણીએ શુંછે નવા કાયદાઓ અને તેનો સામાન્ય નાગરિકને કેટલો ફાયદો થશે. આ નવા ફોજદારી કાયદાઓ હેઠળ, સમન્સ હવે ઈલેક્ટ્રોનિક રીતે વિતરિત કરી કાનૂની પ્રક્રિયાઓને ઝડપી બનાવવા માટેની કાર્યવાહીઓ શરૂ થઈ ગઈ છે.પોલીસ તંત્રને પણ ગુનેગારોની માહિતી ફાઈલમાં નહીં તો સિસ્ટમમાં અપડેટ કરવાની રહેશે, જેથી કાગળની કાર્યવાહીમાં પણ ઘટાડો થશે. તેની સાથે સામેલ તમામ પક્ષકારો વચ્ચે અસરકારક વાતચીતને વ્યવસ્થિત જાળવી શકાશે. મહિલાઓ અને બાળકોને આપવામાં આવશે પહેલી પ્રાથમિકતા, જેમાં મહિલાઓના કેસની નોંધણી ઝડપી બનાવી ત્વરિત એક્શન લઈને બે મહિનામાં પ્રાથમિક અહેવાલ પૂર્ણ કરવાનો રહેશે. તેની સાથે પીડિત વ્યક્તિ તેના કેસનું અપડેટ દર ૯૦ દિવસે મેળવવા માટે હકદાર છે.નવા કાયદાઓ સુનિશ્ચિત કરે છે કે મહિલાઓ અને બાળકો સામેના ગુનાઓનો ભોગ બનેલા લોકોને તમામ હોસ્પિટલોમાં મફત પ્રાથમિક સારવાર કે તબીબી સારવાર જરૂરિયાત મુજબ મળી રહે. આ કાયદા વધુમાં મુશ્કેલ સમયમાં પીડિતોની સુખાકારી અને પુનઃપ્રાપ્તિ પર ધ્યાન કેન્દ્રિત કરીને આવશ્યક તાત્કાલિક તબીબી સંભાળની બાંયધરી આપે છે.દરમિયાન નવા કાયદામાં મહિલાઓ વિરુદ્ધના ચોક્કસ ગુનાઓ માટે, મહિલા મેજિસ્ટ્રેટ દ્વારા આદર્શ રીતે પીડિતાના નિવેદનો રેકોર્ડ કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

જો અનુપલબ્ધ હોય, તો પુરુષ મેજિસ્ટ્રેટે સ્ત્રીની હાજરીમાં વ્યવસ્થા કરવાની રહેશે, તેની સાથે સંવેદનશીલતા અને ન્યાયીપણાની ખાતરી કરવી અને પીડિતો માટે જરૂરી સહાયક વાતાવરણ ઊભું કરવાનું રહેશે. આ સાથે આરોપી અને પીડિતા બંનેને ૧૪ દિવસની અંદર FIR, પોલીસ રિપોર્ટ, ચાર્જશીટ , નિવેદનો, કબૂલાત અને અન્ય દસ્તાવેજોની નકલો મેળવવાનો અધિકાર છે. સુનાવણીમાં બિનજરૂરી વિલંબ અટકાવવા અને સમયસર ન્યાય સુનિશ્ચિત કરવા અદાલતો મહત્તમ બે મુલતવી રાખવાની મંજૂરી આપવામાં આવી છે.

# અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યાક્ષ સુરેશ પાનસુરીયાના જન્મદિવસની ઉજવણી




જનસેવાઅનેલોકસેવામાં સદાય અગ્રેસર રહેતા અને વૈશ્વિક મહામારીકોરોનાનાંસમયેસાવરકુંડલા લીલીયા વિધાનસભા મત વિસ્તારનાં અસંખ્ય લોકોને ઓક્સિજનનાં બાટલા નિઃશુલ્ક વિતરણ હોય કે પછી તોકતે વાવાઝોડું હોય આવા કપળા સમયે શુદ્ધ ઘીમાં સુખડી સહિત ભોજનની વ્યવસ્થા કરી અને જયારે અમરેલી જિલ્લાને લોહીની જરૂર હોય ત્યારે અમરેલી જિલ્લાની તમામ બ્લડ બેંકોને રક્તથી છલોછલ કરી લોકોનાં જીવ બચાવવાનું જેવા સેવાકાર્ય કર્યા હતા. વળી, યુવાનો સ્પર્ધાત્મકપરીક્ષાનીતૈયારીકરતાહોયકે તેના ભવિષ્યને ધ્યાનમાં રાખી સાવરકુંડલા નગરપાલિકા સંચાલિત લાઈબ્રેરીનીઅંદર પુસ્તકોઅર્પણ કરેલ અને વિદ્યાર્થીઓના અભ્યાસ માટે સતત ચિંતા કરતા યુવાનોનાં હૃદય સમ્રાટ અને સાવરકુંડલાની જનતાનો અડધી રાતનો હોકારો અને સાવરકુંડલાના છેવાડાના માનવીની હરહંમેશ ચિંતા કરતા એવા અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના ઉપાધ્યક્ષ સુરેશભાઈ પાનસુરીયાના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. તથા નુતન કેળવણી મંડળ સંચાલિતઅનુદાનિતનિવાસીપ્રાથમિક શાળા (આશ્રમશાળા)નાં બાળકોને પુસ્તકો આપ્યા હતા. તેમજ બાળકો સાથે કેકવહેંચીઅનેવૃક્ષારોપણકરી ઉજવણી કરવામાં આવી હતી.

### ધારાસભ્ય જનક તળાવીયાની સીએમને રજુઆત

## દામનગર પંથકની જનતાનાં સરળતાથી સરકારી કામોનુ નિરાકરણ કરવા રજુઆત

### જનસેવા કેન્દ્રમાં વધુ સુવિધાઓ ઉભી કરવી જરૂરી



દામનગર, તા. ૧

અમરેલી જિલ્લાના દામનગર શહેર તેમજ આજુબાજુના ૨૫જેટલાગામોનેસરકારીદસ્તાવેજોકઢાવવામાં પડતી મુશ્કેલી માટે લાઠી–બાબરા વિસ્તારના જાગૃત ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર લખી જનસેવા કેન્દ્રમાં યોગ્ય વ્યવસ્થા પૂરી પાડવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

અમરેલી જિલ્લામાં દામનગર પંથકના લોકોને પડતી મુશ્કેલીને લઈને લાઠી – બાબરા વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તલાવીયા દ્વારા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. ધારાસભ્યશ્રી દ્વારા લખવામાં આવેલ પત્રમાં જણાવવામાં આવ્યું હતું કે, દામનગર શહેર તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના નાગરિકો દ્વારા રજૂઆતમળીરહીછેકે, લાઠીતાલુકાના દામનગર શહેર તેમજ દામનગરની આજુબાજુમાંઆશરે૨૫જેટલાગામો આવેલ છે દામનગર શહેર પણ વસ્તીની દ્રષ્ટીએ ખુબજ મોટી છે.ખરેખર આ શહેરને તાલુકાનો દરજજો આપવાનો લાયક છે. પરંતુ હાલ દામનગર શહેર તેમજ આજુબાજુના૨૫જેટલાગામોલાઠીથી ખુબ દૂર હોવા છતાં આવકના પ્રમાણપત્રો,જાતિના પ્રમાણપત્રો, રેશનકાર્ડનાકામો, રેવન્યુનેલગતકામો વિગેરે કરવા માટે લાઠી જવું પડેછે. જેથીદામનગરમાંઆવેલનગરપાલિકા કચેરીખાતેહાલનાયબમામલતદારશ્રીનીકચેરીપણકાર્યરતછેત્યાંજનસેવાકેન્દ્ર માટે ઓપરેટર તેમજ આનુસાંગીક મશીનરીનીવ્યવસ્થાકરવામાંઆવેઅને જનસેવા કેન્દ્ર કાર્યરત થાય તો આજુબાજુના ૨૫ જેટલા ગામોને પડતી મુશ્કેલીનો અંત આવી શકે તેમ છે. આ બાબતે ભાજપના લાઠી – બાબરાના ધારાસભ્ય દ્વારારજૂઆતકરવામાંઆવી હતી. દામનગરમાંપૂરતીસુવિધામળેતો આસપાસનાલોકોનેખૂબજમોટોફાયદો મળશે.

### જન્મદિવસે પ્રેરણાદાયી કાર્ય કર્યુ

## સાવકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાલાએ ગરીબ પરિવારોનાં બાળકો સાથે કરી ઉજવણી

### શાળામાં નામાંકનમાં મદદરૂપ થવા ખાત્રી આપી



સાવરકુંડલા, તા. ૧

સાવરકુંડલા લીલીયા વિધાનસભાના લોકપ્રિય યુવાનોના આદર્શ ધારાસભ્ય મહેશભાઈ કસવાલા સાહેબે પોતાના ૫૨ વર્ષ પૂર્ણ કરી ૫૩મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા હોય ત્યારે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ પોતાના જન્મ દિવસની સાવરકુંડલા શહેરમાં ઉદારતા ચેરીટેબલ ટ્રસ્ટ જેમા શિક્ષણથી વંચિત એવા બાળકો સાથે તેમને અભ્યાસમા ઉપયોગી કિટ તેમજ મીઠાઈ અને નાસ્તો કરાવી સાથે સાથે વૃક્ષારોપણ કરીને અનોખી રીતે ઉજવણી કરી આ બાળકો માટે શિક્ષણ આપતી શિક્ષકટીમને ધારાસભ્યએ અભીનંદન પાઠવ્યા હતા. ઉલ્લેખનીય છે કે બાળકો અને વાલીઓ સાથે વાત કરતા કેટલાક બાળકોના માતા પિતા મજૂરી કામે અલગ અલગ જગ્યા એ વસવાટ કરતા હોય, જરૂરી પુરાવા ન હોવાના કારણે બાળકોને શાળામાં ભણાવી શકતા નથી. આવા બાળકોને તાત્કાલીક રેહઠાણ માટે સર્ટિફિકેટ નગરપાલીકા અથવા તલાટી દ્વારા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવા પ્રતિબદ્ધતા દર્શાવી હતી. મા બાપને બાળકોને ભણાવવા અને રાજય સરકારની નવી શિષ્યવૃતિની યોજનાનો લાભ લેવા પણ માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં જીલ્લા ભાજપ ઉપાધ્યક્ષ શરદભાઈ પંડયા, નગરપાલીકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, મહામંત્રીઓ રાજેશભાઈ નાગ્રેચા, વિજયસિંહ વાઘેલા, યુવા ભાજપ પ્રમુખ અનિરૂદ્ધસિંહ રાઠોડ, નગરપાલિકા સદસ્યઓ અજયભાઈ ખુમાણ, કિશોરભાઈ બૂહા, હસુભાઈ ચાવડા, કેશવભાઈ બગડા, જીલ્લા ભાજપ અ.જા.મોરચા પ્રમુખ કેશુભાઈ વાઘેલા જીલ્લા બક્ષીપંચ મોરચાના ઉપપ્રમુખ ધર્મેન્દ્રભાળ ચૌહાણ, શહેર ભાજપના અમીતભાઈ પંડયા, પ્રવિણભાઈ કોટીલા, ભાવેશભાઈ વિકમા, લલીતભાઈ મારૂ, ગીશીશભાઈ નાંદોલીયા સહીત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહયા હતા.

### બગસરા : મામલતદાર કચેરીનાં

## કર્મચારી વય મર્યાદાથી નિવૃત્ત થયા



બગસરા, તા. ૧

બાગસરા મામલતદાર ઓફિસ સહિત અલગ અલગ મામલતદાર કચેરીઓમાં ફરજ બજાવી ચૂકેલ અરજણભાઈ જેઠાભાઈ મયાત્રાની વયમર્યાદા તથા તેમનો નિવૃતિ વિદાય સમારંભ અધિકારીઓ અને પદાધિકારીઓની ઉપસ્થિતીમાં યોજાયો હતો. આ તકે બગસરા મામલતદાર ઓફિસનો સ્ટાફ તેમજ રાજકીય આગેવાનો અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં મોમેન્ટો અને પડો આપી તેને ભાવપૂર્વક વિદાય આપવામાં આવી હતી. જેમાં તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર, શહેર ભાજપ પ્રમુખ ધીરુભાઈ કોટડીયા, નાયબ મામલતદાર બી.કે. પરમાર, મામલતદાર પ્રશાંતભાઈ ભીંડી, મનોજભાઈ મહિડા, નિતેશભાઈ ડોડીયા, ધીરુભાઈ માયાણી તેમજ નાયબ મામલતદાર વિસાણી રવજીભાઈ, ડેરી પીપરીયા મનસુખભાઈ સાંગાણી, અશોકભાઈ પંડયા સહિતના રાજકીય આગેવાનો, અધિકારીઓ અને પદાધિકારીઓની ઉપસ્થિતીમાં ભાવપૂર્વક વિદાય આપી હતી. ઉપરાંત આ કાર્યક્રમની આભાર વિધિ અરજણભાઈ મયાત્રાએ કરી હતી અને કાર્યક્રમનું સંચાલન સ્નેહી પરમારે કર્યુ હતુ.

## બગસરામાં વિનામૂલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાયો




બગસરા, તા.૧

જેસિઝગ્રુપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ગૌ.વા.નરભેરામભાઈ રાયઠઠ્ઠા , ગૌ.વા.ગેરીબેન નરભેરામભાઈ, ગૌ.વા.નરોત્તમભાઈ નરભેરામભાઈ, ગૌ.વા. સ્વ.વસંતરાય નરભેરામભાઈ રાયઠઠ્ઠાના સ્મરણાર્થે હા.દિવ્યેનભાઈ વી.રાયઠઠ્ઠા (પ્રાગટ્ય ગૃપ ઓફ કંપની–અમદાવાદ) પરિવારનાં સૌજન્યથી ૫૯૮મો વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ શ્રી રણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટનાં સહકારથી રાખવામા આવેલ છે. આ કેમ્પમાં મોતિયાનાં ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને વિનામુલ્યે આપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામા આવશે. આ કેમ્પમાં ૪૧ દર્દીઓના ઓપરેશન વિના મૂલ્ય કરવામાં આવશે. તેમજ આ કેમ્પમાં ૧૨૭ દર્દીની આંખની ચકાસણી કરવામાં આવી હતી. દીપ પ્રાગટ્ય કરી આકેમ્પની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં બગસરાના રશ્મિનભાઈ ડોડીયા વિનુભાઈ ભરખડા એવી રીબડીયા ભરતભાઈ સોમાણી રાજુભાઈ બામટા, કાળુભાઈ કેસરિયા, ચંદુભાઈ પંડ્યા સહિતનાં ઉપસ્થિત રહ્યા હતા.

આપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા બગસરાના વતની સુરેશભાઈ રાયઠઠ્ઠા પરિવાર મુંબઈના સહયોગથી કરવામા આવશે. પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમા જણાવેલ છે.

### વર્ષો જૂની જનતા જનાર્દન નિષ્ઠાપૂર્વક સેવા કર્યા બાદ

## ધારીનાં એસ.ટી. ડેપોનાં અર્ધો ડઝન કર્મચારીઓ એક સાથે નિવૃત્ત થયા

### નિવૃત કર્મચારીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો



ધારી, તા. ૧

ધારી એસ.ટી. ડેપોમાં એક સાથે છ કર્મચારી નિવૃત્ત થતા ડેપો મેનેજર દાદુનાં અધ્યક્ષ સ્થાને નિવૃત્તિ સમારોહ કાર્યક્રમનુંઆયોજન કરવામાં આવ્યુંહતું. આ તકે મુખ્ય મહેમાન તરીકે અનુભાઈ લલીયા, જગુભાઈ વાળા ખાસ હાજરી આપી હતી. તેમજ પત્રકાર ટીનુભાઈ લલીયા. મેહુલભાઈ ત્રિવેદી. પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત નિવૃત થતા ભાયાંભાઈ બાલાભાઈ નાડ સહીત તમામ કર્મચારીઓનેસાલઓઢાડીનેસન્માનિત કરવામાં આવ્યા હતા. ડેપો મેનેજર દ્વારા તેમના પાછલા સમય માટે શુભેચ્છા પાઠવવામાંઆવીહતી. એસ.ટી. ડેપોના તમામ કર્મચારીઓસહિતમોટીસંખ્યામાં લોકોઆકાર્યક્રમમાંહાજર રહ્યાહતાઅને આ કાર્યક્રમને સફળતા પૂર્વક પાર પાડવામાં આવ્યો હતો.

### આંતરાષ્ટ્રીય હિન્દ પરિષદ દ્વારા

## અમરેલીનાં તાત્કાલીક હનુમાન મંદિરે હનુમાન ચાલીસાનાં પાઠ યોજાયા



અમરેલી,તા.૧

અમરેલી શહેરનાં ચિતલ રોડ ઉપર આવેલા તાત્કાલિકહનુમાનજી મંદિરે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ રાષ્ટ્રીય બજરંગદળ રાષ્ટ્રો મહિલા પરિષદ રાષ્ટ્રીય ઓજસ્વીની ગ્રુપ દ્વારા હનુમાન ચાલીસાનાં પાઠ અને રામધૂનનું સરસ મજાનું આયોજન કરવામાં આવેલું હતુ. જેમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ પ્રાંત ઉપાધ્યક્ષ મનસુખભાઈ રૈયાણી જિલ્લા પ્રમુખ સુરેશભાઈ સોલંકી વિભાગ અધ્યક્ષ ડોક્ટર કિરીટભાઈ દેસાણી તેમજ રાષ્ટ્રીય બજરંગ દળ જિલ્લા પ્રમુખ દિલીપભાઈ બામટા, મંત્રી વિપુલભાઈ ગજેરા, શહેર પ્રમુખ જીગ્નેશભાઈ કયાડા, શહેર મંત્રી ઉદયસિંહ રાજપુત, ઉપાધ્યક્ષ હિતેશભાઈ જોશી, ગોપાલભાઈ ચોટલીયા, મહેશભાઈ ચોટલીયા, કિશનભાઈ શીલુ, અમરેલી જિલ્લા ઘરમાં આચાર્ય અધ્યક્ષ તેમજ તાત્કાલિક હનુમાન મંદિર પૂજારી બાબુભાઈ બામટા અને દીલાભાઈ તેમજ રાષ્ટ્રીય ઓજસ્વીની જિલ્લા અધ્યક્ષ નિરાલીબેન વ્યાસ ગોપીબેન ચોટલીયા તેમજ દેવાંગભાઈ વ્યાસ અને ઘણા બધા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડોક્ટર ગજેરા દ્વારા હિન્દુત્વ અને સંગઠન વિશે માહિતી આપવામાં આવી હતી. જિલ્લા પ્રમુખ સુરેશભાઈ સોલંકી દ્વારા આગામી દિવસોમાં નવા હનુમાન ચાલીસા કેન્દ્ર શરૂ કરવા અને સંગઠનનો વ્યાપ કેમ વધારવો તેમના માટે વિશેષ માહિતી આપવામાં આવી હતી.

દિલીપભાઈ બામટા દ્વારા બજરંગદળનાંવર્ગવિશેમાહિતીઆપવામાં આવી અને હવે પછીના દિવસોમાં શું શું કાર્યક્રમમાંગોઠવવા તેમના માટે પણ રચના કરવામાં આવી હતી. તેમ જિલ્લા પ્રમુખ સુરેશભાઈ સોલંકી દ્વારા જણાવેલ છે.

### આડેધડ લાગેલ ટ્રાન્સફોર્મરો જોખમી બન્યા

## અમરેલીનાં વરસડા માર્ગ ઉપર ટ્રાન્સફોર્મર નજીક ગાયનું કમકમાટીભર્યુ મોત

### ગૌ પ્રેમીઓમાં અરેરાટીનો માહોલ



અમરેલી, તા. ૧

અમરેલીના વરસડા માર્ગ ઉપર આવેલ ટ્રાન્સફોર્મર નજીક ગૌ માતાનુ નિધન થતાં અરેરાટીનો માહોલ ઉભો થયો છે.

અમરેલીમાં પીજીવીસીએલનાં ઠેકઠેકાણે આડેધડ ટ્રાન્સફોર્મર ઉભા કરી દેવામાં આવતાં હોય અવાર નવાર નાના–મોટા અકસ્માત થતાં હોય દરમિયાનમાં આજે અમૃતપાર્કના દરવાજા નજીક આવેલ એક ટ્રાન્સફોર્મર નજીક ગાયનું કમકમાટી ભર્યુ મોત થતાં અરેરાટીનો માહોલ ઉભો થયો છે.

# ચલાલાનાં ગાયત્રી સંસ્કાર ધામમાં શિક્ષણમંત્રી પાનશેરિયાનું આગમન



યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા ગાયત્રી સંસ્કાર ધામની મુલાકાતે આજ રોજ શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા આવ્યા હતા. તેનું બાળ કોદ્રારા ખુબ ભવ્ય રીતે સ્વાગત સન્માન કર્યુ હતું. અને સંસ્થાના વડા પૂ.ડો.રતિદાદા અને ડાયરેકટર ભારતભૂષણ મહેશભાઈ મહેતા દ્વારા તેમનો સાફો પહેરાવી ઉપસ્ત્ર ઓઢાડી હાર પહેરાવી પરમ પૂજય ગુરૂદેવ રચિત પુસ્તક આપી સન્માન કરાયું હતું. તેમજ આદરણીય શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ સંસ્થામાં ચાલતી વિવિધ સેવાકીય પ્રવૃતિ તથા સંસ્થાને મળેલ સંસ્કૃત શકિત ગુરૂકુળ અને રક્ષા શકિત સ્કુલની મુલાકાત લીધી હતી. ત્યારબાદ પ્રફુલભાઈને માતાજીના આશીર્વાદ મેળવીને બધા બાળકોને જ્ઞાન સુંદર વાતો કરી હતી. તેમજ સાહેબ અને તેમની સાથે પધારેલ સ્ટાફ મિત્રો એ ભગવાનનો ભોજન પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

પાના ૧ ઉપરનું ચાલું

### બાબરાનાં ગજેન્દ્રભાઈ શેખવાની

સમાજવિરોધીઅસામાજીકપ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ અજય દહિયાએ ઉપરોકત ઈસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહની સૂચના મુજબ અમરેલી એલ.સી.બી. ટીમ દ્વારા ગજેન્દ્રભાઈ ઉર્ફે બાબભાઈ ભુપતભાઈ શેખવાને પાસા વોરંટની બજવણી કરી જિલ્લા જેલ પાલનપુર ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

### અમરેલી ખાતે આવેલ ગૌચર જમીનમાંથી

શહેરમાં મધ્યમાં આવેલ ગૌચરની જમીન ૩૪૪ પૈકી ૫ જમીનમાંથી મે, ગેરકાયદેસર ખનન કરનાર ગ્રામીય અગ્રણીને મળતીયાઓને પકડાવેલ જેનુ ૧ વર્ષ થવા છતા માત્રા–નોટીસ આપી સમગ્ર પ્રકરણ ભીનુ સંકેવી લેવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ૧૨૩૪ ચો.મી.જમીનમાંથી ખનન થયુ હોય જેની જંત્રી મુજબ ૫૩ લાખથી વધુ સરકારી કિંમત જમીનનું નુકસાન કરવા છતા યોગ્ય પગલા ભરવામાં આવેલ નથી. આ કચેરીમાં ચાલતા ભ્રષ્ટાચારની ઉચ્ચ લેવલથી તપાસ કરવા મંત્રીને માંગ કરેલ છે.


**Name has been changed**

I here by declare
**TARAKVADIYA ANISHABEN ALIBHAI**
that my name has been changed from now on to
**TARAKWADIA ANISHABEN ALIBHAI**
Henceforth I shall be known by this name.
Public should take note.

**TARAKWADIA ANISHABEN ALIBHAI**
**At. OPP: Tarvadi,Mini Kasbavad,Amreli-365601**


## દામનગરમાં મૂતરડીમાં ગંદકીનો માહોલ



દામનગર, તા.૧

દામનગરમાં આ છે, વિકાસની તસ્વીર...!! જવાબદારી કોઈની નહિ...!! નશાંબધી સપ્તાહની ઉજવણી કરવામાં આવેલ, રેલીઓ કાઢીને–બેનેરો બતાવીને, ભાષણો કરીને, વગેરે...વગેરે...!! પણ હવે નક્કર કામગીરી કરવાનુ જરૂર કોઈને નથી લાગતી...!! નશાનો બંધાણી વસ્તુ મેળવીને જ રહેતો હોય છે...!! આ તસ્વીર છે. દદામનગરમાં પ્રાથમિક શાળા નંબર ૧ અને ૨ની બાજુમાં આવેલ જાહેર મુતરડીની, વધારે લખવાની જરૂર નથી લાગતી..એટલે હવે બહુ થયુ. હવે કડક હાથે તંત્રએ નશાનુ વેચાણ કરતા તત્વોને પકડીને કાર્યવાહી કરવાની જરૂર છે.

પાના ૧ ઉપરનું ચાલું

### વડિયાનાં હનુમાન ખીજડીયા

સંતાનમાં બે દિકરીઓ હોય તેમાંથી નાની દિકરી છાયા(ઉ.વ.૮), તેના દાદા સાથે હનુમાન ખીજડીયા ગામે રહેતી હતી. તેનું તા. ૩૦ના આશરે બપોરના ૨ વાગ્યાના સમયે તેણીને કોઈ ઝેરી જનાવર સર્પદંશ મારી દેતા ઉલ્ટી ઉબકા થવા લાગતા વડીયા સરકારી દવાખાને સારવારમાં લાવતા સારવાર દરમ્યાન છાયાબેન મરણ થયાનું ડોકટરે જાહેર કરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

### ચમારડીમાંથી ૪૮ કલાકમાં

વાવેતર અને જતન કરી ચુકયા છે. તેઓએ પર્યાવરણ બચાવવા નવી શરૂઆત કરેલ છે.

તાજેતરમાં તેઓનાં ૬૦માં જન્મદિવસની ઉજવણી નિમિત્તે તેઓએ સંકલ્પ કર્યો કે તેઓ એક વર્ષમાં ૬૦ હજાર વૃક્ષોનું વાવેતર અને જતન કરશે અને કરાવશે અને તેઓએ તેમનાં "રાધે ફાર્મ" ખાતે ૨૫ થી ૩૦ પ્રકારનાં વૃક્ષોનાં રોપા એકત્ર કર્યા અને તેમનું વાવેતર અને વિતરણ શરૂ કર્યુ.

તેઓએ જે કોઈ વ્યકિત, સંસ્થાને રોપા મેળવવા હોય તેઓને નિઃશુલ્ક રોપા વિતરણ શરૂ કર્યુ અને ખા આગ્રહ કર્યો કે માત્ર ફોટોસેશન ન કરાવતાં વૃક્ષોનું વાવેતર અને જતન પણ કરજો અને જે કોઈ વ્યકિત કે સંસ્થા ૧૦૦ રોપાનું વાવેતર કરીને ૩ વર્ષ જતન કરે તેને ૧૦ હજારનું ઈનામ આપવાની પણ જાહેરાત કરેલ.

દરમિયાનમાં રવિવાર અને સોમવારનાં બે દિવસમાં ૫૦ હજાર રોપાનું વિતરણ લઈ જનારનાં નામ, નંબર અને સરનામા સાથે કરીને પ્રશંસનીય કાર્ય કર્યુ છે અને તેઓ અવિરતપણે રોપા વિતરણ કરશે અને જો વન વિભાગ તેમનાં ફાર્મ ખાતે દરરોજ એક લાખ રોપાની વ્યવસ્થા કરાવે તો આગામી એક મહિનામાં ૩૦ લાખ રોપાનું વિતરણ કરવા આશાવાદી છે.

### રેન્જ આઈ.જી. ગૌતમ પરમારની ઉપસ્થિતિમાં પોલીસ વિભાગનો નિર્ણય

# અમરેલી જિલ્લામાં આગામી ૧ મહિના સુધી વ્યાજખોરીનો ગે.કા. વ્યવસાય કરનાર સામે ઝુંબેશ ચાલશે

### જિલ્લાની ૧૯ બેન્કો દ્વારા લોન આપવાની કાર્યવાહી હાથ ધરાશે





અમરેલી, તા. ૧

અમરેલી ખાતે રેન્જ આઈ.જી. ગૌતમ પરમારની ઉપસ્થિતિમાં જિલ્લા પોલીસ દ્વારા વ્યાજખોરો સામેની ખાસ ઝુંબેશનો આરંભ કરવામાં આવ્યો છે. અમરેલી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં આઈજીએ જણાવ્યું કે, સરકારે દોઢ વર્ષ પહેલા આ પ્રશ્ન હાથમાં લીધો, ત્યારે વ્યાજખોર વ્યકિતઓ ઉપર કડકાઈથી પગલા લેવાનું નક્કી કર્યુ એટલું જ નહીં પણ જરૂરિયાતમંદ લોકોને બેંક દ્વારા સસ્તા વ્યાજથી લોન મળી રહે તે માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

અમરેલી જિલ્લાની ૧૯ બેંકનાં પ્રતિનિધિઓ અહી આવ્યાં હતા. જેઓ બેંક દ્વારા લોન આપવાની પ્રક્રિયા હાથ ધરશે. અમરેલી જિલ્લામાં પોલીસ દ્વારા એક મહિના સુધી આ ઝુંબેશ ચલાવવામાં આવશે અને વ્યાજખોરો સામે ફરિયાદો પણ નોંધવામાં આવશે. જેનો લોકો દ્વારા લાભ લેવા માટે તેમણે અપીલ કરી હતી.

અમરેલીનાં એસ.પી હિમકર સિંહે જણાવ્યું કે, આ રીતે એક વર્ષ પહેલા પણ પોલીસ દ્વારા વ્યાજખોરો સામે ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. તે ઝુંબેશમાં ૬૦૦ ગામડાઓમાં એક લાખ જેટલી પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું, અને લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. ૧૦૦૦ થી પણ વધારે બેનર લગાડવામાં આવ્યા હતા. અગાઉની ડ્રાઈવમાં ૧૫ જેટલા ગુના દાખલ કરવામાં આવ્યા હતા. ૨૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. તે ડ્રાઈવ સિવાય પણ સને ૨૦૨૩માં અન્ય પંદર જેટલા ગુનાઓ પણ દાખલ કરાયા હતા. વ્યાજખોરો સામે ખાસ ઝુંબેશ ચાલુ કરવામાં આવી છે અને એક મહિના સુધી આ ઝુંબેશ ચલાવીને વ્યાજખોરો સામે ફરિયાદો નોંધવામાં આવશે. આ ઉપરાંત જરૂરિયાત મુજબ લોકોને જુદી જુદી ૧૯ બેંકો દ્વારા રાહત દરેથી લોન મળી રહે તે માટેની પણ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

પાના ૧ ઉપરનું ચાલું

### અમરેલી જિલ્લામાં હળવાથી લઈને

ગામોમાં મેઘમહેર જોવા મળી હતી.

લાઠી શહેરમાં આજે વહેલી સવાર બાદ ફરી એક વાર ધોધમાર વરસાદ શરૂ થયો હતો. જેને લઈ લાઠી શહેરની બજારમાં વરસાદી પાણી વહેતા થયા હતા. લાઠી શહેરમાં સારા વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. જયારે લાઠીના શેખ પીપરીયામાં ૫ ઈંચ વરસાદથી શેખ પીપરીયા પાણી પાણી થઈ જવા પામેલ હતું. આમ ગામ અને પાદર વચ્ચે પાણી ભરાયાં હતા. જેને લઈ શેખ પીપરીયા ગામની મધ્યમાંથી વ્હેતી ગાગડીયો નદીમાં પૂર આવતાં શેખ પીપરીયાથી હરસુરપૂર દેવળીયા જવાનો માર્ગ બાધિત થવા પામેલ હતો. જેને પગલે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો.

સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદની આજે શરૂઆત થવા પામી છે. જેમાં સાવરકુંડલા તાલુકાના છાપરી, લીખાળા, ખડસલી, વિજપડી સહિતના ગામોમાં વરસાદ પડયો હતો. સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદથી ખેડૂતોમાં હરખની હેલી જોવા મળી હતી.

અમરેલી ફલડ કંટ્રોલરૂમ ખાતે સવારે ૬ વાગ્યાથી રાત્રીના ૮ વાગ્યા સુધીમાં વડિયામાં ૯૯ મી.મી., બાબરામાં ૨૨ મી.મી., લાઠીમાં ૨૫ મી.મી., લીલીયામાં ૩૪ મી.મી., અમરેલીમાં ૩૭ મી.મી., બગસરામાં ૪૮ મી.મી., ધારીમાં ૧૯ મી.મી., સાવરકુંડલામાં ૧૮ મી.મી. તથા ખાંભામાં ૨૯ મી.મી., જાફરાબાદમાં ૩૭ મી.મી. તથા રાજુલામાં ૭૬ મી.મી. વરસાદ નોંધાયો હતો.

પાના ૧ ઉપરનું ચાલું

### ઉનાનાં ગાંગડા ગામે

ગામે માલણનદીનાં કાંઠે આવેલ ભાણાભાઈ ભીમભાઈ સિંઘવનાં પારાપીટ વોલ બાંધેલ કુવામાં વન્યજીવ સિંહણ માદા–૧ પડેલ હોવાની માહિતી તા.૧–૭ ના વન વિભાગનાં સ્ટાફને જાણ થતા નાયબ વન સંરક્ષક ધારી રાજદિપસિંહ ઝાલા તથા મદદનિશ વન સંરક્ષક ઉનાનાં એમ.આર.ઓડેદરાનાં માર્ગદર્શન હેઠળ એલ.બી.ભરવાડ તથા સ્થાનિક સ્ટાફ તથા ટ્રેકર્સ ટીમ સાથે તાત્કાલીક સ્થળ પર પહોંચી સ્થળ ચકાસણી કરતા વ્હેલી સવારનાં સમયે શિકાર પાછળ દોડતી વખતે અકસ્માતે સિંહણ તથા ગાય કુવામાં પડેલ હોવાનુ ધ્યાને આવતા પળનોય વિલંબ કર્યા વગર ટ્રેકર્સ ટીમનાં સભ્યોને કુવામાં સલામત રીતે ઉતારી દોરડાનાં ગાળીયા દ્વારા સિંહણને જીવંત સલામત રીતે કુવામાંથી બહાર કાઢી પાંજરામાં પુરેલ તેમજ આજ કુવામાં રહેલ ગાય મરણ ગયેલ હોય તેના મૃતદેહને પણ કુવાની બહાર દોરડા વડે કાઢી જોતા ગાયના શરીર પર સિંહણના પંજાના ન્હોરના ઉઝરડાના નિશાનો જોવા મળેલ જેથી સ્પષ્ટ થયેલ કે આ સિંહણ ગાયનો શિકાર કરતી વખતે ગાય અને સિંહણ બન્ને આકસ્મીક કુવામાં પડેલ હશે. અને હાલ આ સિંહણ માદાને જસાધાર ખાતેના વન્યપ્રાણી સારવાર કેન્દ્ર ખાતે ઓબર્ઝવેશન માટે ખસેડવામાં આવેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૮૨ | ૧૧૭૫ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૬ | ૧૧૬૯ |
| ૩ | શિંગદાણા | ૧૩૫૦ | ૧૯૦૦ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૧૬૨ | ૧૪૭૩ |
| ૫ | તલ સફેદ | ૧૭૭૫ | ૨૫૫૬ |
| ૬ | તલ કાળા | ૨૮૫૫ | ૩૧૩૧ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૩૦૦ | ૩૧૮૫ |
| ૮ | બાજરો | ૩૬૯ | ૪૬૩ |
| ૯ | જુવાર | ૪૩૦ | ૮૫૯ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૭૧ | ૫૯૪ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૭૪ | ૫૭૧ |
| ૧૨ | મકાઈ | ૩૨૦ | ૬૦૧ |
| ૧૩ | મગ | ૧૫૩૦ | ૧૫૩૦ |
| ૧૪ | ચણા | ૧૦૦૦ | ૧૨૯૪ |
| ૧૫ | તુવેર | ૧૦૦૦ | ૧૬૫૦ |
| ૧૬ | કપાસ | ૮૮૯ | ૧૫૧૫ |
| ૧૭ | એરંડા | ૧૦૬૮ | ૧૦૬૮ |
| ૧૮ | જીરૂ | ૨૩૪૦ | ૫૨૦૦ |
| ૧૯ | રાયડો | ૯૭૨ | ૯૯૨ |
| ૨૦ | ધાણા | ૧૦૫૦ | ૧૪૫૦ |
| ૨૧ | રજકાનું બી | ૨૮૦૦ | ૪૯૦૦ |
| ૨૨ | સુવાદાણા | ૧૨૯૦ | ૧૨૯૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૦૯ | ૧૫૫૧ |
| ૨ | મગફળી | ૧૦૫૫ | ૧૧૭૫ |
| ૩ | ઘઉ | ૪૮૫ | ૫૪૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૧૮૦ |
| ૨ | શીંગ દાણા | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૩૦૦ | ૨૬૦૦ |
| ૪ | તલ કાળા | – | ૩૦૩૧ |
| ૫ | જીરૂ | ૪૮૦૦ | ૫૫૩૦ |
| ૬ | કપાસ | ૧૨૦૦ | ૧૫૧૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૨૧ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૬૮ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૪૯૦ |
| ૧૦ | જુવાર | ૪૦૦ | ૫૫૦ |
| ૧૧ | મગ | ૧૫૫૦ | ૧૫૯૭ |
| ૧૨ | અડદ | ૧૫૬૦ | ૧૮૪૦ |
| ૧૩ | ચણા | ૧૧૧૧ | ૧૩૧૦ |
| ૧૪ | તુવેર | ૧૭૦૦ | ૨૨૦૦ |
| ૧૫ | ધાણા | ૧૦૦૦ | ૧૧૫૨ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉ | ૪૫૫ | ૫૦૦ |
| ૨ | ચણા | ૧૦૫૫ | ૧૨૫૨ |
| ૩ | ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૪ | જીરૂ | ૪૦૭૫ | ૪૦૭૫ |
| ૫ | શીંગ દાણા | ૧૫૧૫ | ૧૬૯૦ |
| ૬ | સોયાબીન | ૮૨૬ | ૮૨૬ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ચણા | ૧૨૩૩ | ૧૨૩૩ |
| ૨ | મગ | ૧૪૪૫ | ૧૫૪૫ |
| ૩ | ઘઉં લોકવન | ૪૮૫ | ૪૯૯ |
| ૪ | તલ સફેદ | ૨૦૧૫ | ૨૪૫૦ |
| ૫ | સોયાબીન | ૮૪૪ | ૮૪૪ |
| ૬ | જુવાર | ૫૦૦ | ૫૦૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૨૦ | ૧૪૨૦ |
| ૨ | જુવાર સફેદ | ૮૭૧ | ૯૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૪૫૩ | ૨૪૫૩ |
| ૪ | શીંગદાણા | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૫ | બાજરો | ૫૦૧ | ૫૦૧ |
| ૬ | સોયાબીન | ૭૫૨ | ૭૫૨ |
| ૭ | જીરૂ | ૫૨૮૦ | ૫૨૮૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૪૧ | ૧૦૪૧ |
| ૨ | તલ સફેદ | ૨૩૦૧ | ૨૫૫૦ |
| ૩ | કપાસ | ૮૦૧ | ૧૪૮૦ |
| ૪ | બાજરો | ૪૦૦ | ૪૬૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૯૨ | ૫૨૦ |
| ૬ | જુવાર | ૪૪૧ | ૮૯૦ |
| ૭ | તુવેર | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૮ | ચણા | ૧૦૦૧ | ૧૨૫૧ |
| ૯ | એરંડી | ૯૭૧ | ૧૦૧૧ |
| ૧૦ | શીંગદાણા | ૧૮૭૭ | ૧૮૯૧ |
| ૧૧ | સોયાબીન | ૮૨૮ | ૮૫૦ |

## ગીર કાંઠા વિસ્તારમાં જગતાત ગણાતા ખેડૂતોનાં હૈયે ઠંડક પ્રસરી

# ખાંભા પંથકમાં અઢી ઈંચ વરસાદથી ખુશીનો માહોલ

ગીર કાંઠામાં બપોરબાદ મુશળધાર વરસાદ પડતાં જાહેર માર્ગો ઉપર પાણી ભરાયા

પીપળવા, તાતણીયા, નાનુડી, બોરાળા, કંટાળા, બાબરપરા, ખડાધાર, ડેડાણમાં પણ વરસાદ

વાવણી લાયક વરસાદ વરસી જતાં ખેડૂતો ખેતી કાર્યમાં લાગી ગયા

આગામી કલાકોમાં પણ વરસાદનાં આગમનનાં એંધાણ જોવા મળી રહ્યાં છે






ખાંભા, તા.૧

ખાંભા ગીરમાં ખેડુતોલાંબા સમયથીકાગડોળેવાવણીલાયકવરસાદની રાહજોઈબેઠાહતાત્યારેસોમવારેબપોરબાદ સારો વરસાદ પડીયો હતો વાવણી લાયક વરસાદ થતાં ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી હતી અને અને ખાંભા ગીરના રસ્તા ઉપરપાણીફરીવળ્યાઅનેમાર્કેટિંગયાર્ડવાળ ારસ્તાઉપરનદીવહેતીહોયતેવાદ્રશ્યસર્જાયા હતાખાંભાશહેરમાંઅઢીઈંચજેટલોવરસાદ ખાબકયો હતો પીપળવા તાતણીયા નાનુડી બોરાળા કંટાળા બાબરપરા ખડાધાર ડેડાણ સહિતગામોમાંધોધમારવરસાદપડીયોહતો ગીરનાગામડાઓમાંવાવણીલાયકવરસાદ થતાંખેડૂતોમાંખુશીનો માહોલ જોવા મળી રહયો હતો.

### સતત મેઘાવી માહોલથી કાચા મકાનો પર જોખમ

## રાજુલાનાં ખાખબાઈ ગામે જુની પ્રાથમિક શાળાનું મકાન ધરાશાયી

### મકાનનાં કાટમાળ વચ્ચે આખલો ફસાયો




અમરેલી, તા.૧

અમરેલીજિલ્લામાંસતતબે ત્રણદિવસથીવરસાદીમાહોલજામ્યો હોય ત્યારે વરસાદના કારણે રાજુલા તાલુકાનાખાંખબાઈ ગામેઆવેલએક જુની પ્રાથમિક શાળાનું બિલ્ડીંગ ધરાશાયીથતાંસ્થાનિકલોકોદોડીગયા હતા. અને થોડીવાર માટે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. જયારે એક આખલો કાટમાળ વચ્ચે ફસાયો હતો. જેને ક્રેનની મદદથી આખલાને બહાર કાઢવો પડ્યો હતો.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ રાજુલા તાલુકાના ખાંખબાઈ ગામે આવેલ એક પ્રાથમિક શાળાજર્જરીતહાલતમાંહોવાનાકારણે હાલ બંધ હાલતમાં હોય, આ જર્જરીત શાળા અવિરત વરસાદના પગલે જુની પ્રાથમિક શાળા ધરાશાયી થવા પામેલ હતી. આ ઘટના પગલે સ્થાનિક લોકો દોડી ગયા હતા. અને થોડીવાર માટે અફડા તફડીનો માહોલ સર્જાયો હતો.

આજે આ જર્જરીત શાળા ધરાશાહી થતા એક આખલો આ પ્રાથમિક શાળામાં ફસાયો હતો. આ આખલાને સ્થાનિક લોકોએ ક્રેનની મદદથી ફસાયેલ આખલાને બહાર કાઢયો હતો.

### ચલાલાનાં સત્ય વક્તા અનુભાઇ ગગનીયાના નિધન થી શોકની લાગણી



ચલાલા, તા. ૧

જન્મ અને મૃત્યુ એ કુદરતનો અવિરત પણે ચાલતો ઘટનાં ક્રમ છે પરંતુ જયારે મુઠી ઉંચેરા માનવી આફાની દુનિયા છોડી જાય ત્યારે દરેક માનવીઓમાં શોકની લાગણી પ્રસરી જાય છે ત્યારે આવાં જ એક મુઠ્ઠી ઊંચેરા માનવી અને સદાચાર પ્રમાણિકતા સ્વમાન અને ભાઈચારાની ભાવનાને જેણે આજીવન જીવન મંત્ર બનાવનાર અને દરેક સમાજ અને દરેક ધર્મના લોકો સાથે ઘરોબો ધરાવતા સ્પષ્ટ વક્તા અનુભાઈ ગગનીયા પોતાના જીવનનાં છેલ્લાં શ્વાસ સુધી પોતાનાં પરિવાર સાથે નહી પરંતુ અનેક પરિવારો તથા મિત્રો સાથે લાગણીનાં કાચાં સુરતના તાંતણે બંધાયેલા રહ્યાં તેટલું જ નહી પણ ચલાલા જ નહી પણ સમગ્ર સૃષ્ટિ પર જેની હરહંમેશ અમિ દ્રષ્ટી રહેલ છે તેવાં અલાબીડ સંત અંશાવતાર દાન મહારાજનાં કૃપાપાત્ર શિષ્ય અને ગાંડી ગીર સતાધાર માં બિરાજતાં સંત આપાગીગા તથા અંશાવતાર દાન મહારાજ ઉપર અતુટ શ્રધ્ધા અને વિશ્વાસ ધરાવતા સ્વર્ગસ્થ અનુભાઈ મુસ્લિમ સમાજના હોવા છતાં દરેક ધર્મના અને દરેક સમાજ નાં લોકો સાથે અતી આત્મિયતા ધરાવતા અને અતી મિલનસાર અને લાગણીશીલ સ્વભાવથી જીવન પસાર કરનાર અનુભાઈએ આ ફાની દુનિયાને અચાનક જ અલવિદા કહી પોતાનો દેહ છોડી દેતાં તેમનાં પરિવારજનો સગાં સંબંધીઓને જ નહી પરંતુ સારા એ સમાજ ને ક્યારેય ન પુરાય તેવી ખોટ પડી છે તો હજારો મીત્રોએ પણ એક વફાદાર મીત્ર ગુમાવ્યાનો ભારે વસવસા સાથે સ્વર્ગસ્થનાં મૃત્યુથી આજે ચલાલા તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં પણ ભારે શોક નો માહોલ છે ત્યારે સ્વર્ગસ્થની અંતિમયાત્રામાં શહેરનાં દરેક સમાજ નાં અને દરેક ક્ષેત્રનાં આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્વર્ગસ્થ ને શ્રધ્ધાંજલી પાઠવી હતી તો ગગનીયા પરિવાર પર આવી પડેલ અણધારી આફતમાં સ્વર્ગસ્થ નાં પરિવારજનો ને સાંત્વન પાઠવવા પીરે તરિકત હાજી પીર શબ્બીરબાપુ અંશાવતાર દાન મહારાજની જગ્યાનાં લઘુ મહંત પુજય મહાવીરબાપુ ભગત તથા ઉદયબાપુ ભગત તથા ધારાસભ્ય જે.વી. કાકડીયા. ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જયંતિભાઈ પાનસુરીયા તાલુકા પંચાયતનાં ચેરમેન બાબાભાઈ વાળા મનુભાઈ ધાધલ પટેલ પ્રગતિ મંડળ નાં પ્રમુખ ઘનશ્યામભાઈ કાકડીયા ચેમ્બર ઓફ કોમર્સ નાં પ્રમુખ મહેન્દ્રભાઈ સાદરાણી જયરાજભાઈ વાળા હિંમતભાઈ દોંગા બિસુભાઈ માલા બિસુભાઈ ધાધલ નિલેશભાઈ જેબલીયા રસિકભાઈ એ.ડી.સહિત સમસ્ત ચલાલા શહેરનાં દરેક સમાજનાં અને દરેક ક્ષેત્રના આગેવાનો સહિત શ્રેષ્ઠીઓ દિવંગત આત્મા ને શ્રદ્ધાંજલી પાઠવી ગગનીયા પરિવારને સાંત્વન પાઠવ્યું હતું.

### દર્દીનારાયણની વિનામૂલ્યે સેવા કરતી

## ટીંબીની સ્વામી નિર્દોષાનંદજી હોસ્પિટલને અમેરિકાથી લાખો રૂપિયાની સહાય મળી

### દાતા પરિવારનું સન્માન કરવામાં આવ્યું



ટીંબી તા. ૧

તદન નિઃશુલ્ક આરોગ્ય સેવાઓ પ્રદાન કરતી સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી (જી.ભાવનગર) ના લાભાર્થે અમેરીકાના બાલટીમોર ગુજરાતી સમાજ દ્વારા તા. ૦૮– જુન ૨૦૨૪ નાં રોજ હાસ્યકાર ડો. જગદિશભાઈ ત્રિવેદી (પદ્મ) નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ૧૩,૨૦૦ ડોલર કે જેના અંદાજીત રૂપિયા ૧૧ લાખ ઉપરાત હોસ્પિટલના નવા બિલ્ડીગ માટે અન્ય દાતા દ્વારા રૂપિયા ૨૫ લાખનું અનુદાન પ્રાપ્ત થયેલ છે.

આ કાર્યક્રમમાં સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલના કો–સુપ્રિન્ટેન્ડેન્ટ અને ઓપ્થાલ્મોલોજીસ્ટ ડો. જયેશ પટેલ તથા તેમના ધર્મપત્ની ડો. દેવીબેન પટેલ ચિફગેસ્ટ તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ ગુજરાતી સમાજના ડિરેકટરર્સ સર્વ ભાવિન શાહ, જયેશ જાની, રાજ પટેલ, પ્રિતેશ શાહ, રૂચી પરીખ, રોમી શાહ, ધિરેન શાહ અને અતુલ પટેલનો હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. નટુભાઈ રાજપરા સાહેબ એ આભાર વ્યકત કર્યો હતો. આ કાર્યક્રમના સહયોગથી જયેશભાઈ જાનીનું સન્માન કરવામાં આવ્યું હતું.

### બેન્ચનાં સદસ્યશ્રીઓના પ્રયાસોથી

## અમરેલીમાં લોક અદાલતે વધુ એક દાંપત્યજીવનનને તૂટતુ બચાવ્યું

### પતિ અને પત્ની વચ્ચે સંવાદિતા સર્જાય

અમરેલી, તા. ૧

અમરેલી જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ખાતે કાર્યરત વૈવાહિક તકરાર નિવારણ પ્રિલીટીગેશન લોક અદાલતના પ્રયાસોથી વધુ એક દામ્પત્ય જીવનને તૂટતું બચાવી શકાયું છે. વૈવાહિક તકરાર પ્રિલીટીગેશન લોક અદાલત બેન્ચ સદસ્યઓના પ્રયાસોથી પતિ–પત્નીની તકરારમાં સુઃખદ સમાધાન થયું છે અને પતિ–પત્નીએ કોર્ટ કે, પોલીસ કેસ કરવાનો વિચાર માંડી વાળી સાથે રહેવાનો નિર્ણય કર્યો છે. વૈવાહિક તકરાર પ્રિલીટીગેશન લોક અદાલતમાં સમગ્ર જીલ્લામાંથી પતિ–પત્નીના ઝઘડામાં સમાધાન અર્થે અરજીઓ આવે છે, લોક અદાલતમાં નિમણુક પામ્યા હોય તેવા બેન્ચ મેમ્બર્સ દ્વારા બંને પક્ષકારોને વિવિધ રીતે સમજાવવા માટે પ્રયાસ કરે છે. સમાધાનની એ જ શુંખલામાં એક પતિ– પત્નીના વિવાદની અરજી ફેમિલી કોર્ટ અમરેલી દ્વારા લોક અદાલત ખાતે મોકલો આપવામાં આવી હતી. જે વિવાદની વિગત મુજબ અરજદાર પત્નીના થોડા વર્ષ પહેલા લગ્ન થયા હતાં. લગ્ન બાદ થોડા સમય સુધી ઘરસંસાર ખૂબ સારી રીતે ચાલી રહ્યો હતો. પરંતુ બાદમાં નાની–નાની બાબતે મન દુઃખ તથા કજીયા કંકાસ છતાં પત્ની પોતાના પીયર હતા. જેથી સમાજના વડીલોએ સમાધાન કરાવવા પ્રયત્નો કર્યા હતા, પરંતુ તે સફળથન મળી નહોતી. બાદમાં અરજદાર પત્નીએ ન્યાય મેળવવા માટે ફેમિલી કોર્ટમાં અરજી કરી હતી. જેમાં પક્ષકારોનો લગ્ન જીવનનો સમયગાળો, પક્ષકારોની ઉંમર વગેરે ધ્યાને લેતા` ફેમિલી કોર્ટે કેસની કાર્યવાહી શરૂ કરતાં પહેલાં આ અરજીને લોક અદાલત સમક્ષ મોકલી આપી હતી.લોક અદાલત ખાતે ચેમ્બર્સ તરીકે સેવા આપતા પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ એમ.જે. સૈયદ, તાલીમ પામેલ મધ્યસ્થીકાર એચ. એચ. સેજુ દ્વારા વિવાદગ્રસ્ત દંપતિને એક પછી એક સાંભળવામાં આવ્યા તેમની વચ્ચે સંવાદિતા સર્જાય તેવા પ્રયત્નો કરવામાં આવ્યા. ઉપરાંત બંને પક્ષકારો તથા તેના કુટુંબીજનોને બોલાવી વિવિધ બેઠક થઈ હતી. બંને પક્ષકારોને વિગતે સાંભળ્યા અને બંને વચ્ચેના અણબનાવના મૂળ કારણ શોધી કાઢયું અને પક્ષકારોને સુખી જીવન જીવવાના વિવિધ પાસાઓ અંગે સમજણ આપી સાથે રહેવા માટે રાજી કરવામાં સફળતા મળી હતી.

ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ દ્વારા, સમગ્ર રાજયમાં જીલ્લા વૈવાહિક તકરાર નિવારણ અર્થે શરૂ કરાવવામાં આવેલી કાયમી પ્રિલીટીગે શન લોક અદાલતો પૈકી અમરેલી ખાતે કાર્યરત લોક અદાલત કે વધુ એક ઘર ભાંગતું બચાવી સુખદ સમાધાન કરાવ્યું હતું. તેમ જીલ્લા કાનૂની સેવા સતા મંડળ, અમરેલીના સુપ્રિટેન્ડેન્ટની યાદીમાં જણાવ્યું છે.

### તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરીનાં હસ્તે

## અમરેલીની એપેક્ષ શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૧

ધરતી ઉપર માનવ સમુદાય દ્વારા આડેધડ સમુદાય વૃક્ષો કપાઈ રહ્યા છે જેને લીધે ધરતી ઉપરનું તાપમાન દિન પ્રતિદિન વધતું જાય છે, પરિણામે પશુ–પક્ષીઓ તથા માનવ સમુદાયને જીવન જીવવું મુશ્કેલ બની ગયું છે, વધતું જતું તાપમાન અને પ્રદૂષણને રોકવા માટે વૃક્ષારોપણ કરવુ ખૂબ જ આવશ્યક છે ત્યારે તેના ભાગરૂપે અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરી દ્વારા એપેક્ષ શાળામાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, આ તકે ઉપપ્રમુખ વિપુલ પોંકીયા તથા સુરેશભાઈ પટેલ તથા ઉપેન્દ્ર વડાલીયા તથા શાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કતારગામ : ગજેરા વિદ્યાભવન ખાતે ડોકટર્સ ડે ની ઉત્સાહભેર ઉજવણી



સુરત, તા. ૧

૧ જુલાઈ એટલે ડોકટર્સ ડે. આજરોજ ગજેરા વિદ્યાભવન કતારગામ ખાતે ડોકટર્સ ડેની ઉજવણી કંઈક અલગ રીતે કરવામાં આવી હતી. ગજેરા વિદ્યાભવન કતારગામ ખાતે ભણીને જેઓ આજે ડોકટર તરીકેની ડિગ્રી પ્રાપ્ત કરી એક સારા ડોકટર તરીકેની નામના હાંસલ કરી છે તેવા અને સુરત શહેરાનં હોસ્પિટલમાં કામ કરતા ડોકટરો દ્વારા વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન મળી રહે તે હેતુ માટે એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડેન્ટલ ડોકટર તરીકે કામ કરતા ડો. હીતીક્ષા કાનાણી, ડો. ૠત્વા પટેલ, ડો. સ્નેહા પટેલ, ડો. સોનલ સોનાણી, ડો. વિશ્વા પટેલ, બી.એચ.એમ.એસ. ડો. કૃષ્ણ મિસ્ત્રી અને એમ.ડી. ડો. ગીતા સવાણી ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને કારકિર્દી વિશે તથા શાળા પ્રત્યેના પોતાના અનુભવ વિશે ખુબ જ ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. વિદ્યાર્થીઓ દ્વારા પ્રશ્નનોતરી કરવામાં આવી હતી જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આગામી સમયમાં કેવા પ્રકારના ડોકટરોની માંગ રહેશે તથા વિદ્યાર્થીને ડોકટરી લાઈનમાં પોતાની કારકિર્દી બનાવવા માટે શું કરવું પડશે તેના વિશેની ખૂબ જ ઊંડાણપૂર્વકની માહીતી ડોકટરોની ટીમ દ્વારા આપવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંચાલન શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

### વર્ષો સુધી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવ્યા બાદ

## લીલીયા મોટા પીજીવીસીએલનાં કર્મચારી વયમર્યાદાથી નિવૃત થયા



લીલીયા મોટા, તા.૧

લીલીયા મોટાનાં પી.જી.વી.સી.એલ કર્મચારી ડી.બી.સોલંકી વયમર્યાદાનાં કારણે નિવૃત્ત થતા લીલીયા પી.જી.વી.સી. એલ કચેરી ખાતે સ્ટાફ દ્વારા નિવૃત્તિ વિદાયમાન આપવામાં આવ્યું હતું. ડી.બી.સોલંકી લીલીયા સબ ડિવિઝનમાં લાઈન ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હોય ત્યારે પોતાની વય મર્યાદા પૂર્ણ થતાં લીલીયા પી.જી.વી.સી.એલનાં સ્ટાફગણે ડી.બી.સોલંકીની કામગીરીને બિરદાવી હતી. પોતાના સારા સ્વભાવ અને સારા કામથી ઓળખાતા કર્મચારીની નિવૃત્તિ થતા સ્ટાફ ગણ દ્વારા ભવ્ય વિદાઈમાન આપવામાં આવેલ. આ સાથે લીલીયા પીજીવીસીએલ કચેરીમાં ફરજ બજાવતા ઈલેકટ્રીક આસિસ્ટન્ટ એમ.એમ.રાઠોડ પ્રમોશન લઈ આસિસ્ટન્ટ લાઈન મેઈન તરીકે અમરેલી ખાતે બદલી થતાં એમને પણ વિદાઈ માન આપવા માંઆવેલ. આ તકે નાયબ ઈજનેર એન.એમ. ભવાની, જુનિયર ઈજનેર એમ. ડી રાઠોડ, જૂનિયર ઈજનેર એન.બી.અજાણી સહિતનાં સ્ટાફ કર્મીઓ ઉપસ્થિત રહી વિદાઈમાન આપવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એમ.આર.ત્રિવેદી એ કરેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.




## પર્યાવરણપ્રેમી ગોપાલભાઈ વસ્તરપરાનો ૬૦ હજાર રોપા વિતરણનો સંકલ્પ પૂર્ણ થવા ઉપર

# ભૈ વાહ : ચમારડીમાંથી ૪૮ કલાકમાં ૫૦ હજાર રોપાનું વિતરણ

**આજથી વધારાની સંખ્યામાં રોપાનું વિતરણ કરવામાં આવશે : અવિરત રોપા વિતરણ શરૂ રહેશે**

**જુદા-જુદા ગામોમાંથી ખેડૂતો સહિત સૌ કોઈ મોટી સંખ્યામાં રોપા માટે આવી રહ્યા હોય અનેરો ઉત્સાહ**

**જો વન વિસ્તરણ વિભાગ મદદ કરે તો દરરોજ એક લાખ રોપાનું વિતરણ કરવાની તૈયારી**

**જે કોઈ રોપા લઈ જાય તેનાં નામ, નંબર, સરનામાની વિગતો પણ નોંધવામાં આવી રહી છે**



અમરેલી, તા. ૧
બાબરાનાં ચમારડી ગામનાં વતની અને સુરત સ્થિત ઉદ્યોગપતિ ગોપાલભાઈ વસ્તરપરાએ તેમનાં ૬૦માં જન્મદિન નિમિત્તે એક વર્ષમાં ૬૦ હજાર વૃક્ષોનું રોપણ અને જતન કરવાનો સંકલ્પ કરેલ. જે હવે પૂર્ણ થવા ઉપર છે. છેલ્લા ૨ દિવસમાં જ ચમારડીનાં "રાધે ફાર્મ" ખાતેથી ૫૦ હજાર રોપાનું વિનામૂલ્યે વિતરણ કરી દેવામાં આવેલ છે.
દેશમાં છેલ્લા ૪ વર્ષમાં કોરોના મહામારી અને બાદમાં દર વર્ષે ગરમીમાં થતાં વધારાથી દેશવાસીઓમાં હાહાકાર મચ્યો છે અને હવે સરકાર પણ પર્યાવરણની જાળવણી માટે સક્રીય બની છે. કારણ કે વૃક્ષોનાં સતત છેદનથી પર્યાવરણની સમતુલા ખોરવાઈ છે પરિણામ સ્વરૂપે કાળઝાળ ગરમી, અનિયમિત અને અપુરતો વરસાદ, પશુ-પક્ષીઓનું જીવન પણ મુશ્કેલમાં મુકાયું હોય તેવા સમયે ગોપાલભાઈ વસ્તરપરા કે જેઓ તેમનાં ૬૦ વર્ષનાં આયુમાં ૫૦ હજાર કરતાં વધારે વૃક્ષોનું

અનુસંધાન પાના ૬ ઉપર

### સહયોગ ભડિયામાં કામ કરતાં

## દોલતી ગામનાં પ્રૌઢનું ઝેરી જીવજંતુ કરડી જવાથી મોત થયું

**૨ દિવસ પહેલા ઝેરની અસર થઈ'તી**

અમરેલી, તા.૧
સાવરકુંડલા તાલુકાના દોલતી ગામે આવેલ સહયોગ ભડિયામાં કામ કરતાં રામદેવભાઈ અરજણભાઈ ચાવડા નામનાં ૫૦ વર્ષિય આધેડને ગત તા. ૨૦ ના રોજ કોઈ ઝરે જીવજતું કરડી જતા તેઓ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.




### જાગૃત નાગરિક નાથાલાલ સુખડિયાએ સીએમને પત્ર લખ્યો

## અમરેલી ખાતે આવેલ ગૌચર જમીનમાંથી થયેલ માટી ચોરી પ્રકરણ ભીનું સંકેલી લેવાયું

**ખાણ-ખનીજ વિભાગની ભૂમિકા પણ શંકાસ્પદ બની**

અમરેલી, તા. ૧
અમરેલનાં જાગૃત નાગરિક નાથાલાલ સુપાડિયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે. જે પત્રમાં જણાવેલ છે કે અમરેલી જિલ્લા ખાણ ખનીજ વિભાગની કચેરીના તાત્કાલીન અધિકારી અને મેળા પીપણાથી કુદરતી સંપદાને લૂંટતા તત્વોને પોલીક કે ખાણ ખનીજ વિભાગ દ્વારા ખનન બાબતે પકડવામાં આવેલ વાહનોને વે.બ્રિજ કાંટા ચિઠી વજનની કર્યા વગર પોતાની રીતે આર્થિક ફાયદો ઉઠાવી નોર્મલ અથવા નિયમનું પાલન કર્યા વગર દંડ કરી દેશની કુદરતી સંપદાને ખનન કરનાર સાથે મેળાપીપણુ રચી નુકસાન કરવામાં આવેલ છે. તેમજ અમરેલી

અનુસંધાન પાના ૬ ઉપર







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)